| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૦.૦૩.૨૦૨૫ |
| નોંધણી તારીખ | : | ૨૦.૦૩.૨૦૨૫ |
| ફેસલ તારીખ | : | ૨૯.૦૭.૨૦૨૬ |
| સમય અવધી | : | વર્ષઃ માસઃ દિવસઃ |
| | | ૦૧ ૦૪ ૦૯ |
| | | **આંકઃ-** |

**ફોર્મ-એ**

**છોટાઉદેપુર જિલ્લાના મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ શ્રીની કોર્ટમાં મુકામઃ છોટાઉદેપુર.**

**[ચુકાદાની તારીખઃ૨૯.૦૭.૨૦૨૬]**

**[સેશન્સ કેસ નંબર-૧૨/૨૦૨૫]**

**(એફ.આઇ.આર. ની વિગતો / ગુનો અને પોલીસ સ્ટેશન)**

**છોટાઉદેપુર પોલીસ સ્ટેશન, પાર્ટ - એ ગુના રજીસ્ટર નંબર-૧૧૧૮૪૦૦૨૨૪૧૨૧૪/૨૦૨૪**

**ગુનોઃ- ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧),૨૩૮(ક) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ.**

**પોલીસ સ્ટેશનઃ-છોટાઉદેપુર પોલીસ સ્ટેશન, તા. કવાંટ, જી. છોટાઉદેપુર.**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>મારફતઃ જિલ્લા સરકારી વકીલ શ્રી, છોટાઉદેપુર<br>ફરિયાદીઃ રાયસીંગભાઇ ધનસીંગભાઇ રાઠવા,<br>રહેઃલુંણી, ધારવા ફળીયા, તા/જી. છોટાઉદેપુર. |
| **સરકાર તરફે વિ. સરકારી વકીલ** | **શ્રીમતી એસ.એ. દેસાઇ** |
| **આરોપી** | વિરસીંગભાઇ જંગલીયાભાઇ ધાણક,<br>રહેઃરૂનવાડ, પટેલ ફળીયા, તાલુકો/જીલ્લો- છોટાઉદેપુર. |
| **આરોપી તરફે વિ.વકીલ** | **શ્રી એસ.એમ.પઠાણ** |

**ફોર્મ-બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૬.૧૦.૨૦૨૪ ના રાતના કલાક-૨૦.૦૦ થી તાઃ૧૭.૧૦.૨૦૨૪ ના કલાક-૦૭.૦૦ દરમ્યાન કોઇપણ સમયે |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૭.૧૦.૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૦૯.૦૧.૨૦૨૫ |
| તહોમતનામાં ફરમાવ્યા તારીખ | ૧૬.૦૭.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૩૦.૦૭.૨૦૨૫ |

| | |
|---|---|
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | ૧૫.૦૭.૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૨૯.૦૭.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | |

**આરોપીની વિગત :-**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિરસીંગભાઇ જંગલીયાભાઇ ધાણક | ૨૪.૧૦.૨૦૨૪ | જેલમાં છે. | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧),૨૩૮(ક) તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૧-વર્ષ,૦૯-માસ અને ૦૮-દિવસ |

**ફોર્મ-સી**

**ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાઓઃ**

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | રાયસીંગભાઇ ધનસીંગભાઇ રાઠવા | ફરીયાદી | ૦૯ |
| ૨. | ટીનાભાઇ ધનસીગભાઇ રાઠવા | મરનારના ભાઇ/આરોપીનો સાળો | ૧૧ |
| ૩. | હીંમતીબેન વેરસીંગભાઇ રાઠવા | આરોપીના પત્ની/મરનારની દિકરી | ૧૨ |
| ૩.(A) | કરશનભાઇ રસલાભાઇ રાઠવા | ગુનાવાળી જગ્યાના પંચનામાના તથા ઇ સાક્ષ્ય પંચ | ૧૩ |
| ૪. | રણજીતભાઇ વિઠ્ઠલભાઇ તડવી | લાશ પરનાં કપડાં કબજે કર્યાના પંચનામાના પંચ | ૧૫ |
| ૫. | ડો. સાક્ષી અમૃતભાઇ ચાવડા | પી.એમ.કરનાર ડોકટર | ૧૭ |
| ૬. | હેતીબેન મોતીભાઇ રાઠવા | ઇન્કવેસ્ટ પંચનામાના પંચ | ૨૦ |
| ૭. | ધ્રુવરાજસિંહ ગણપતસિંહ પરમાર | આરોપીની શરીરસ્થીતિ તથા મોટર સાયકલ કબજે લીધાના તથા ડીસ્કવરી પંચનામાના પંચ | ૨૨ |
| ૮. | કપુરીબેન રાયસીંગભાઇ રાઠવા | ફરીયાદીના પત્ની/આરોપીના સાળાની પત્ની | ૨૫ |
| ૯. | ચંપાબેન ટીનાભાઇ રાઠવા | મરનારની વહુ | ૨૬ |
| ૧૦. | કીંજલબેન ટીનાભાઇ રાઠવા | મરનારની પૌત્રી/બાળ સાહેદ | ૨૭ |
| ૧૧. | શૈલેષભાઇ ભારતસિંહ વસાવા | ત.ક.અમલદાર | ૨૮ |

**ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓઃ**

| અનુક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|

| નંબર | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી | ૧૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા ઇ-સાક્ષ્ય સર્ટી | ૧૪ |
| ૩. | લાશ પરનાં કપડાં કબજે લીધાનુ પંચનામુ | ૧૬ |
| ૩. | મરનારની બોડીનુ પી.એમ. કરવા માટે લખેલી પોલીસ યાદી | ૧૮ |
| ૪. | પી.એમ.નોટ | ૧૯ |
| ૫. | ઇન્કવેસ્ટ પંચનામુ | ૨૧ |
| ૬. | આરોપીની શરીરસ્થીતિ તથા મોટર સાયકલ કબજે લીધાનુ પંચનામુ | ૨૩ |
| ૭. | ડીસ્કવરી પંચનામુ | ૨૪ |
| ૮. | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૨૯ |
| ૯. | લાશ સંભાળ્યાની પાવતી | ૩૦ |
| ૧૦. | લાશ સોંપ્યાની પાવતી | ૩૧ |
| ૧૧. | મરનારનું ઇન્કવેષ્ટ ભરવા મામલતાર છોટાઉદેપુરને કરેલ યાદી | ૩૨ |
| ૧૨. | એફ.એસ.એલ.નો પ્રાર્થમિક સ્થળ પરિક્ષણ અહેવાલ | ૩૩,૩૪ |
| ૧૩. | ડોગ સ્કવોડની મદદ મેળવેલ તે અંગેનું કોલ ફોર્મ | ૩૫ |
| ૧૪. | ગુનાવાળી જગ્યાના સેલ આઇ.ડી. મેળવવા કરેલ યાદી | ૩૬ |
| ૧૫. | સરકારી પંચો મેળવવા માટે કરેલ યાદી | ૩૭ |
| ૧૬. | આરોપીઓની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૩૮ |
| ૧૭. | આરોપીનુ બ્લડ સેમ્પલ લેવા મેડીકલ ઓફિસરને કરેલ યાદી | ૩૯,૪૦ |
| ૧૮. | કલમ-૨૩૮(ક) ઉમેરવા માટે કરેલો રીપોર્ટ | ૪૧ |
| ૧૯. | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સર્કલ ઓફિસરને કરેલ યાદી | ૪૨ |
| ૨૦. | ગુનાને સંલગ્ન મોબાઇલના સી.ડી.આર./એસ.ડી.આર. મેળવવા પોલીસ અધીક્ષકશ્રીને કરેલ યાદી | ૪૩ |
| ૨૧. | વોડાફોન નેટવર્ક કોલડીટેઇલ રીપોર્ટ | ૪૪ |
| ૨૨. | તાલુકા વિસ્તરણ અધિકારીએ તૈયાર નકશો/પંચકયાસ/ફોર્વડીંગ લેટર | ૪૫ |
| ૨૩. | નેત્રમ કમાન્ડને ગુનાને સંલગ્ન સી.સી.ટી.વી. ફૂટેજ મેળવવા કરેલ યાદી તથા ફોર્વડીંગ લેટર સાથેની સી.સી.ટી.વી.ની વીડીયો સી.ડી. | ૪૬ |
| ૨૪. | સી.ડી.ના અનુસંધાને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬૩(સી)(૪) નું આપેલ સર્ટીફીકેટ સી.ડી. સાથેનુ | ૪૭ |
| ૨૫. | એકઠા કરેલ મુદ્દામાલ રવાનગી પત્રક સાથે પૃથ્થકરણ અર્થે સુરત તથા વડોદરા મોકલી આપેલ તેની રવાનગી યાદી | ૪૮ |

| | | |
|---|---|---|
| ૨૬. | મુદ્દામાલ એફ.એસ.એલ. સુરત તથા વડોદરા ને મળી ગયાની આવેલ પહોંચ | ૪૯,૫૦ |
| ૨૭. | સુરત એફ.એસ.એલ.કચેરીનો ઝેરશાસ્ત્રનો અહેવાલ | ૫૧ |
| ૨૮. | એફ.એસ.એલ. કચેરી વડોદરાએ મુદ્દામાલ કપડા તથા હથિયારનો આપેલ બાયોલોજીકલ તથા સીરોલજીકલ પરીક્ષણ અહેવાલ તથા ફોર્વડીંગ લેટર | ૫૨ |

## -:: ઠ રા વ ::-

**(૧)** આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧), ૨૩૮(ક) તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**(૨)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી રાયસીંગભાઇ ધનસીંગભાઇ રાઠવા જેઓ ખાનગી ડ્રાઇવિંગ કરી લૂંણી-ગામે રહીને તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પિતા પાંત્રીસેક વર્ષ પહેલાં ગુજરી ગયેલ, જ્યારે તેમની માતા સમતીબેન જેઓ આ કામે ગુજરનાર છે. તેઓ ચાર ભાઇઓ છે, જે તમામ અલગ અલગ રહે છે. ફરિયાદીના પ્રથમ લગ્ન સંસારના ફળ સ્વરૂપે સંતાનમાં રેખાબેન, રાહુલભાઇ, પારૂલબેન તથા નાનો સંજયભાઇ છે. ફરિયાદીએ તેમની ફરિયાદમાં એવું જાહેર કરેલ હતું કે, તા.૧૬/૧૦/૨૦૨૪ના રોજ રાત્રીના જમી પરવારી તેઓ ઊંઘી ગયેલ અને બીજા દિવસે તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ સવારના સાડા સાતેક વાગે તેમના નાનાભાઇની છોકરી કિંજલ વાસણ ધોવા પાણીના નળ પાસે ગયેલ તો, ત્યાં લોહીના ડાઘા તથા લોહીના ડાઘાવાળી ચાદર પડેલ જોયેલી. બાદમાં તેમની માતા મરનાર સમતીબેન જે અડાળીમાં રહેતા હતા તે તરફ રડવાનો અવાજ સંભળાતા, તેઓ તેમની માતાની અડાળી તરફ જતાં તેમના નાનાભાઇ ટીનાભાઇ તથા તેની પત્ની ચંપાબેન અને તેમના છોકરાં ત્યાં હાજર હતા. અને અડાળીમાં મરનાર સમતીબેન લોહીલુહાણ હાલતમાં જમીન પર નીચે પડેલ જોયેલા. બાદમાં લાશને ખાટલા પર મુકેલી. મરનાર સમતીબેનના માથાની ડાબી બાજુ કાનના ઉપરના ભાગે કોઇ તીક્ષ્ણ હથિયાર મારેલાના ઘા જોયેલા. જેથી ગામના સરપંચ કલ્પેશભાઇને આ બનાવની વાત કરેલી, સરપંચે પોલીસનો કોન્ટેક્ટ કરેલો અને પોલીસ આવી ગયેલી. બાદ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ કોઇ અજાણ્યા ઇસમે તેમની મરનાર માતા સમતીબેનને તીક્ષ્ણ હથિયાર વડે ઘા કરી ગંભીર ઇજા પહોંચાડી હત્યા કરેલ તે બાબતે તપાસ થવા ફરિયાદ કરેલી. ફરિયાદમાં બનાવ તા.૧૬/૧૦/૨૦૨૪ ના રાત્રીના કલાક-

૨૦.૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૪ ના સવારના ૭.૦૦ વાગ્યા દરમ્યાન બનેલો તેવું જાહેર કરેલું.

**(૩)** ફરિયાદીની ઉપરોક્ત ફરિયાદની હકીકતોના આધારે છોટાઉદેપુર પોલીસ સ્ટેશન, પાર્ટ- એ ગુના રજીસ્ટર નંબર-૧૧૧૮૪૦૦૨૨૪૧૨૧૪/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૧૦૩(૧) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો અજાણ્યા ઇસમો સામેનો ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવેલી. એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને યાદી કરી લાશનું ઇન્ક્વેસ્ટ પંચનામું કરાવેલું, લાશનું પી.એમ. કરાવેલું, ગુનાનો સ્પેશિયલ રિપોર્ટ કરેલો, બનાવ સ્થળેથી એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવેલો, જરૂરી પંચનામા કરેલા, ડોગસ્કવોડની મદદથી ગુનાની તપાસ હાથ ધરેલી, તપાસના ભાગમાં વિવિધ પંચનામા કરેલા, કનેક્ટેડ મોબાઇલના સી.ડી.આર/એસ.ડી.આર તથા કોલ ડિટેઇલ્સ મેળવેલા, નેત્રમ કમાન્ડ પાસેથી સી.સી.ટી.વી. ફુટેજના ઇલેક્ટ્રોનિક્સ પુરાવા એકઠા કરેલા, ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવડાવેલો, પંચનામાની રૂએ એકઠા કરેલા મુદ્દામાલ/સેમ્પલ્સનું રવાનગી પત્રક તૈયાર કરી એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ, સાહેદોના નિવેદનો નોંધેલા. તપાસના અંતે મરનાર સમતીબેનની દીકરી હિંમતીબેન જે આરોપીના પત્ની થતા હોય, બનાવ અગાઉ બે અઢી મહિના પહેલાં આરોપી તથા તેમના પત્ની હિંમતીબેન મરનારના ગામ લૂંણી ગામે ગયેલા જ્યાં આરોપી તથા તેના પત્ની હિંમતીબેન અને આરોપી વચ્ચે ઝગડો થયેલો અને આરોપીએ હિંમતીબેનને માથામાં ઇંટનો ટુકડો મારેલો. જેથી મરનાર સમતીબેનની દીકરી હિંમતીબેન પીયર લૂંણી ગામે રહેવા જતી રહેલ તેને તેડવા માટે પ્રયત્નો કરવા છતાં હિંમતીબેનને આરોપીના ઘરે રૂનવાડ ગામે તેડી લઇ જવા પ્રયત્નો કરવા છતાં મરનાર આરોપીની પત્નીને આરોપીના ઘરે મોકલેલ ન હોય તેની અદાવત રાખીને આરોપીએ તા.૧૬/૧૦/૨૦૨૪ ના રાત્રીના કલાક- ૨૦.૦૦થી તા.૧૭/૧૦/૨૦૨૪ની રાત્રીએ કોઇપણ સમયે મરનાર સમતીબેન જે સાસુ થતી હોય તેને કુહાડીના ઘા માથાની ડાબી બાજુના કાનના ઉપરના ભાગે મારી મોત નિપજાવેલું હતું. જે કુહાડી વડે ઇજા કરેલ હતી તેનો લાકડાનો હાથો આરોપીએ પોતાના ઘરે લઇ જઇને સળગાવી દઇને પોતે કરેલ ખૂનનો ગુનો છુપાવવા માટે પુરાવાનો પણ નાશ કરેલો, તેવું ખુલતાં આરોપી સામે કલમ ઉમેરા સહિત ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૩(૧),૨૩૮(ક) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનું ચાર્જશીટ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની કોર્ટમાં રજૂ થતાં તેને ફોજદારી કેસ નંબર-૨૯/૨૦૨૫ આપી રજીસ્ટર કરવામાં આવેલો.

**(૪)** આરોપી સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી માત્ર સેશન્સ અદાલત ચલાવી શકે તેમ

હોય, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર નાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૨ મુજબ સદરહુ ફોજદારી કેસ કમિટ કરતાં સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર ખાતે કમિટ થઈ આવતાં, તેને સેશન્સ કેસ નંબર-૧૨/૨૦૨૫ થી નોંધી કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી છે.

**(૫)** આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપી સામે આંક-૦૭ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧),૨૩૮(ક) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુના અંગે તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવતાં આરોપીએ તેમની સામેના તહોમતનો ઇન્કાર કરતાં તે લગત આરોપીનો આંક-૦૮ થી જવાબ નોંધવામાં આવેલો. બાદમાં કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને આરોપી સામેનો કેસ સાબિત કરવાની તક આપવામાં આવેલી. ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો.

**(૬)** ફરિયાદપક્ષ તરફથી ફોર્મ નંબર-સી માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે, તે સિવાય ફરિયાદપક્ષ તરફ બીજો કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો.

**(૭)** ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ હેઠળ આરોપી વિરુદ્ધ આવેલા પુરાવા સબબ તેઓનો વધારાનો જવાબ લેવામાં આવેલો, જેમાં આરોપીએ ખોટી ફરિયાદ કરી, ખોટા પંચનામા કરી, ખોટા પુરાવા ઊભા કરેલ હોવાનું જણાવી તેમના બચાવમાં સોગંદ ઉપર જુબાની આપવાનો, બચાવના સાહેદો તપાસવાનો તથા આ કામે પડેલા પુરાવાનો ઇનકાર કરી વિશેષમાં તેમના ઉપર ખોટો કેસ કરેલ છે, તેઓએ કોઈ ગુનો કરેલો નથી, તેઓ નિર્દોષ છે તેવું જણાવ્યું છે.

**(૮)** આ કામે સરકાર તરફ વિદ્વાન ડી.જી.પી. શ્રીમતી એસ.એ. દેસાઈની તથા આરોપી તરફ વિદ્વાન વકીલ શ્રી એસ.એમ. પઠાણની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે, જેની ચર્ચા પુનરાવર્તન ટાળવા હેતુસર અહીં કરવામાં આવેલી નથી. તેની ચર્ચા પુરાવાના મૂલ્યાંકન વખતે યથાસ્થાને કરવામાં આવેલી છે.

**(૯)** પ્રસ્તુત કામે આરોપી વિરુદ્ધ મૂકવામાં આવેલ તહોમતના ન્યાય નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરિયાદપક્ષ એવું નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર સમતીબેનનું મૃત્યુ અકુદરતી અને સાપરાધ મનુષ્યવધ થયેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ પુરવાર કરવામાં સફળ થાય છે કે, મરનાર સમતીબેનની દીકરી હિંમતીબેન જે આરોપીના પત્ની થતા હોય, આરોપી અને હિંમતીબેન વચ્ચે આ બનાવ અગાઉ ઝગડો થતાં તેના કારણે મરનાર સાસુ થતા હોય તેણી તેની દીકરી હિંમતીબેનને આરોપીના ઘરે મોકલતા ન હોય. તેની અદાવત રાખીને મોજે-લૂંણી ગામે તા.૧૬/૧૦/૨૦૨૪ ના રાત્રીના કલાક ૨૦.૦૦થી તા.૧૭/૧૦/૨૦૨૪ ની રાત્રીએ કોઇ પણ સમયે મરનારના ઘરે જઇ મરનાર જે અડાળીમાં સુતા હતા ત્યાં સાથે કુહાડી લઇ જઇને મરનારના માથામાં ડાબી બાજુના કાનના ઉપરના ભાગે ઘા મારી પોતાની સાસુનું ખૂન કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો ગુનો આચર્યો છે?

(૩) શું ફરિયાદપક્ષ એવું પુરવાર કરે છે કે, આરોપીએ પોતે કરેલ ખૂનનો ગુનો પોતાના માથે ન પડે તેવા હેતુથી ખૂન કરવા માટે ઉપયોગમાં લીધેલ કુહાડીનો લાકડાનો હાથો સળગાવી દઇને પોતે કરેલ ખૂનનો ગુનો છુપાવવા માટે પુરાવાનો નાશ કરીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો ગુનો આચર્યો છે?

(૪) શું ફરિયાદપક્ષ એવું પુરવાર કરે છે કે, બનાવ સમયે અને સ્થળે મે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં, આરોપીએ કુહાડીનો ઘાતક હથિયાર તરીકે ઉપયોગ કરી તેને ધારણ કરીને મરનારનું ખૂન કરવા માટે હથિયાર તરીકે ઉપયોગ કરી જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલો છે?

(૫) શું હુકમ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છેઃ

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) નકારમાં,

(૪) નકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

**:::કારણો:::**

**મુદ્દા નંબર-૧ઃ**

**(૧૧)** મુદ્દા નંબર-૧ના સંદર્ભમાં મહત્વનો કહી શકાય તેવો મેડિકલ પુરાવો કે જેમાં મરણજનાર સમતીબેનની લાશનું પી.એમ. કરનાર મેડિકલ ઓફિસર સાહેદ નંબર-૫ ડો. સાક્ષી અમૃતભાઇ ચાવડાને તપાસવામાં આવ્યા છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા, તે વખતે મરણ જનાર સમતીબેન ધનસીંગભાઇ રાઠવા, ઉં.વ. ૬૫ના શબનું પી.એમ. કરવા માટે આંક-૧૮ યાદી સાથે લઇ જવામાં આવતાં તેઓએ પેનલ ડો. અફીફા સમોલ સાથે મળીને લાશનું પી.એમ. તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ સાંજે ૫.૩૫ વાગે શરુ કરી ૬.૪૭ વાગે પૂર્ણ કરેલું. સાહેદના પુરાવા મુજબ લાશની ઓળખ થયેલી હતી. લાશ જોતાં મરણ જનારે કથ્થઇ કલરનું સફેદ પટ્ટાવાળું અડધી બાંયનું ટીશર્ટ, કમરના નીચેના ભાગે કેસરી કલરનો ચણીયો તથા બંને હાથમાં બંગડી પહેરેલ અને ગળાના ભાગે કાળો દોરો તથા એક સફેદ દોરો પહેરેલ હતો. કપડા ઉપર લોહીના ડાઘ જોવા મળેલ હતા. શરીરનું બંધારણ જોતાં તે મધ્યમ બાંધાનું અને સામાન્ય હતું. મરનારની ડેડ બોડી જોતાં આખા શરીર ઉપર રાયગરમોટીસ જોવા મળેલ. પી.એમ. લીવીડીટી શરીરના પાછળના ભાગે જોવા મળેલી. શબની આંખો બંધ હતી. મોઢું અડધું ખુલ્લું હતું અને જીભ મોઢાની અંદર હતી. ચહેરા ઉપર લોહીના ડાઘ હતા અને ડાબા કાનમાંથી લોહી વહી રહેલ હતું. બાહ્ય જનેન્દ્રિય ઉપર કોઇ ઇજાના નીશાન જોવા મળેલ નહીં. શરીર સીધું હતું અને બંને હાથ સીધા અને શરીરથી જોડાયેલા હતા. એક પગ ઉપર બીજો પગ રાખેલ હતો. સાહેદના કથન મુજબ મરનારને થયેલ બાહ્ય ઇજા જોતાં ઇજા નંબર-(૧) કપાયેલો છોલાયેલો ઘા હતો. જેની સાઇઝ ૪.૭ x ૧ x હાડકાની ઊંડાઇની સુધીની હતી. જે માથાના ડાબી બાજુના ભાગેથી લઇને ડાબી આંખના ડોળા ઉપર સુધીની હતી. જ્યારે આંતરિક ઇજાઓ જોતાં ઇજા નંબર-(૧) માથાના આગળના ભાગે તેમજ ડાબી સાઇડે ફ્રેક્ચર જોવા મળેલ હતું. ઇજા નંબર-(૨) સ્કલને બહાર કાઢતા હીમેટોમા જોવા મળેલ. જ્યારે છાતીની દિવાલ, પાંસળીઓ, ફેફસાની દિવાલ, શ્વાસનળી ઇન્ટેક્ટ હતા. જમણું અને ડાબું ફેફસું કંજસ્ટેડ હતું. હૃદયનું આવરણ ઇન્ટેક્ટ હતું. મોટી રક્તવાહિનીઓ ઇન્ટેક્ટ

હતી. પેટની ત્વચાનું આવરણ, પોલાણ, ઉદર, ગુહા ઇન્ટેક્ટ હતા. હોજારી ખાલી હતી. નાના આંતરડા તથા મોટા આંતરડા કંજસ્ટેડ હતા. યકૃત, અન્નાશય, મૂત્રપિંડ, બરોળ ફીકા હતા. પેશાબની કોથળી ખાલી હતી. આ મેડિકલ ઓફિસરે પી.એમ. દરમ્યાન વિસેરા લીધેલા હતા જેમાં, એક બોટલમાં લોહી, બીજી બોટલમાં પેટ અને આંતરડાના અવશેષ તથા ત્રીજી બોટલમાં લીવર, કીડની, સ્પ્લીન, ફેફસાના અવશેષ લીધા હતા. આ મેડિકલ ઓફિસરે મરનારના મૃત્યુના સંભવિત કારણ વિશે અભિપ્રાય આપતા જણાવેલું કે મૃતકને માથાના ભાગે ઇજા થવાના કારણે મૃત્યુ થયેલ હતું. તેના સમર્થનમાં તેમણે તૈયાર કરેલી પી.એમ. નોટ ઓળખી બતાવતાં આંક-૧૯ આપી રેકોર્ડ પર લેવામાં આવેલ છે. આ ડોક્ટર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ હાથ ધરી છે. પરંતુ સરતપાસમાં મરનારને માથાના ભાગે ઇજાઓ થયેલ હતી તેના કારણે મરનારનું મોત થયેલ હતું તેને નકારતી બીજી કોઇ તકરાર લીધેલ નથી. આમ, મેડિકલ ઓફિસરનો પુરાવો તથા રજૂ થયેલ પી.એમ. નોટ આંક-૧૯ તેમજ આંક-૨૧ વાળું ઇન્ક્વેસ્ટ પંચનામામાં મરણજનારને માથાના ભાગે થયેલી ઈજાઓનું વર્ણન જોતાં આ ઈજાના કારણે મૃતકનું મૃત્યુ થયું હોવાનું પ્રસ્થાપિત થાય છે. બીજું, ઝેર શાસ્ત્રનો એફ.એસ.એલ. અહેવાલ આંક-૫૧ જોતાં પણ મરનારનું ઝેરથી કે અન્ય બીજી રીતે મોત નિપજેલું નથી. આમ, મરણજનારનું મોત માનવસર્જિત ઈજાઓના કારણે અકુદરતી સાપરાધ મનુષ્યવધ થયેલ છે તેવું ફરિયાદપક્ષની તરફેણમાં પુરવાર થાય છે. જેથી મુદ્દા નંબર-૧ ફરિયાદપક્ષ પુરવાર કરે છે, જેથી તેનો જવાબ "હકાર" માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર-૨ :**

ઉપરોક્ત બંને મુદ્દાઓની હકીકત એકસાથે સંકળાયેલ હોય બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**(૧૨)** મુદ્દા નંબર-૧ ની ચર્ચા કર્યા મુજબ મરણજનારનું મોત એ અકુદરતી રીતે થયેલ હોવાનું પુરવાર થયેલું છે. ત્યારે ફરિયાદપક્ષના કેસ મુજબ હાલના આરોપીએ જ આંક-૦૭ વાળા તહોમત અને તેના સંદર્ભમાં ઉપસ્થિત મુદ્દા નંબર-૨ અને ૩ માં દર્શાવ્યા મુજબની વિગતે મરણજનારને ઈજાઓ પહોંચાડવામાં આવી હતી કે કેમ? બાદમાં પોતે કરેલ ખૂનનો ગુનો છુપાવવા માટે પુરાવાનો નાશ કરેલ હતો કે કેમ? તે બાબતે રેકોર્ડ ઉપર આવેલા પુરાવાની ચર્ચા કરતાં પહેલાં નિર્વિવાદિત હકીકત જોઇએ તો, મરનાર તથા આરોપી વચ્ચે સાસુ-જમાઇનો સંબંધ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવનું કારણ કે આરોપીનો મોટિવ જોઇએ તો, આરોપીના પત્ની જે મરનારની દીકરી થતી

હોય, આરોપી અને તેમના પત્ની વચ્ચે આ બનાવ અગાઉ ઝગડો થવાના કારણે આરોપીના પત્ની તેણીની માતાના ઘરે રહેવા માટે આવી ગયેલી હતી, આરોપીએ મરનારને તેની દીકરી મોકલી આપવા રૂબરૂમાં જઇને વાત કરેલી હતી પરંતુ, મરનારે તેમની દીકરીને આરોપીના ઘરે મોકલેલ નહીં. જેના કારણે રાત્રીના સમયે આરોપી પોતાના ઘરેથી મરનારના ઘરે જઇને કુહાડી મારીને તેની સાસુનું મોત નિપજાવેલાનો આક્ષેપ છે. ફરિયાદ અજાણ્યા ઇસમ વિરુદ્ધ નોંધાવેલી. બનાવ કોઈએ નજરે જોયેલો ન હતો. જેથી આખોય ફરિયાદપક્ષનો કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે. ફરિયાદપક્ષે મુખ્યત્વે બનાવના અરસામાં કુહાડી સાથે અનુક્રમે કવાંટ નાકા, એસ.બી.આઇ. બેન્ક તથા રંગપુર નાકામાં એકલો ચાલતો જતાં દેખાયેલ તેવા ઇલેક્ટ્રોનિક્સ એવિડન્સ આંક-૪૬ અને આંક-૪૭ ઉપર આધાર રાખેલ હતો. અને નેત્રમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, છોટાઉદેપુર દ્વારા ફિક્સ તથા પી.ટી.ઝેડ કેમેરા ચેક કરતાં કવાંટ નાકા બાજુથી તા.૧૭/૧૦/૨૦૨૪ના રાત્રીના કલાક-૦૧.૧૫ વાગ્યાના એક અજાણ્યો ઇસમ ચાલતા આવતો જણાઇ આવે છે અને કવાંટ નાકાથી કસ્બા ચાર રસ્તા, પેટ્રોલ પંપ ચોકડી, રંગપુર નાકા બાજુ જતા જણાય છે. જેના ફોટા તથા વિડીયોગ્રાફી ડી.વી.ડી. આંક-૪૭ ના પ્રમાણપત્ર સાથે આપેલા. તેના ઉપર આધાર રાખેલ છે. જે સંદર્ભના રજુ થતા પુરાવાઓની ચર્ચા કરીએ.

**ફરિયાદીના પુરાવાની ચર્ચાઃ**

**(૧૩)** ફરિયાદી રાયસીંગભાઇ ધનસીંગભાઇ રાઠવા જેઓને સાહેદ નંબર-૧ થી તપાસવામાં આવ્યા છે. તેમનો પુરાવો જોઇએ તો, ફરિયાદી લૂંણી ગામે રહે છે, તેમની માતાનું નામ (મરનાર) સમતીબેન છે. બનાવ એકાદ વર્ષ અગાઉ બનેલો, બનાવ સમયે તેઓ તેમના ઘરે હાજર હતા. તે વખતે તેમની ભત્રીજી કિંજલબેન પાણી ભરવા માટે હેન્ડ પંપે ગયેલી હતી, તેણીએ બૂમાબૂમ કરતા તેઓ બનાવ સ્થળે ગયેલા, જયાં તેમની માતા મરણ ગયેલ હાલતમાં ઊંધા મોઢે પડેલ પડેલી હતી. તેઓએ ગામના આગેવાન કલ્પેશભાઇને વાત કરતાં તેઓએ પોલીસને જાણ કરેલી. જેથી પોલીસ બનાવ સ્થળ ઉપર આવેલી. તેઓએ આ બનાવની આંક-૧૦ વાળી ફરિયાદ નોંધાવેલી. તેઓ જણાવે છે કે, પોલીસને કેમેરા ચેક કરવાનું કહેલું. બનાવના ત્રણ દિવસ પહેલા તેમના બનેવી (આરોપી) અને તેમની બહેન વચ્ચે બોલાચાલી થઇ હશે તે બાબતે તેમની બહેન, તેમની મરનાર માતાના ઘરે આવી ગયેલી. જેથી તેમના બનેવી એટલે કે, આરોપી તેમની બહેન હિંમતીને લેવા માટે મરનારના ઘરે આવેલ. તેના બીજા દિવસે તેમની માતાનું ખૂન થઇ ગયેલું. ત્યાર બાદ દશેક દિવસ પછી પોલીસે કેમેરા ચેક કરતા તેમના બહેન

હિંમતીબેનનો ઘરવાળો કુહાડી લઇને જતો કેમેરામાં દેખાયેલો. ત્યારબાદ પોલીસ આરોપીને પોલીસ સ્ટેશન લઇ આવેલા અને તેઓને જણાવેલ કે આરોપીની ધરપકડ થઇ ગઇ છે. સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી, ફરિયાદમાં આરોપી વિરુદ્ધ કોઇ શંકા સેવેલ ન હતી કે તેમની માતાના ખૂન સંબંધે કોઇ વ્યક્તિ વિરુદ્ધ નામ જોગ ફરિયાદ આપેલ નથી. એવું પણ સ્વીકારે છે કે, બનાવ સંબંધી ફરિયાદ સિવાય પોલીસે તેઓનું વિશેષ નિવેદન લીધેલ નથી. આમ, આ ફરિયાદીના પુરાવામાંથી એવુ બહાર આવે છે કે, આરોપી અને હિંમતીબેન જે મરનારની દીકરી અને આરોપીના પત્ની થાય છે, તેમની વચ્ચે બનાવના ત્રણ દિવસ પહેલાં બોલાચાલી થઇ હશે તેવું ફરિયાદીને લાગેલું પરંતુ શા કારણે થયેલી? તે બાબતે કોઇ પુરાવો જણાવેલ નથી કે ફરિયાદી કોઇ જાતમાહિતી ધરાવતા હોય તેવો કોઇ પુરાવો જણાવેલ નથી. આરોપી ઉપર આંક-૧૦ વાળી ફરિયાદમાં કોઇ શંકા સેવેલ ન હતી. પરંતુ આરોપી અને મરનારના દીકરી હિંમતીબેન વચ્ચે આ બનાવ અગાઉથી અણબનાવો બનેલા. બનાવના ત્રણ દિવસ અગાઉ આરોપી પોતાની પત્ની હિંમતીબેનને તેડવા તેમના માતાના ઘરે આવ્યો હતો, ત્યારે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આમ, આરોપી તેમના પત્નીને લેવા મરનારના ઘરે આવેલા તેના બીજા દિવસે તેની માતાનું ખૂન થઇ ગયેલ હતું. તેવો જે પુરાવો રેકોર્ડ પર આવે છે, તેનું ખંડન કરતી બીજી કોઇ હકીકત ફરિયાદીના પુરાવામાંથી બહાર આવતી નથી. એટલું જ નહી, બાદમાં સી.સી.ટી.વી. ફુટેજમાં આરોપી કુહાડી લઇને જતાં જોયેલ, તેથી પોલીસે આરોપીની અટક કરેલ હતી. તેની જાણ ફરિયાદીને કરેલ હતી તેવો સ્પષ્ટ પુરાવો રેકોર્ડ પર આવે છે.

**(૧૪)** સાહેદ નંબર-૨ ટીનાભાઇ ધનસીંગભાઇ રાઠવા, જે આરોપીનો સાળો અને મરનાર સમતીબેનનો દીકરો થાય છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, આરોપી તેમના બનેવી તથા તેમની બહેન હિંમતીબેન, જે આરોપીના પત્ની થાય છે, તે મરણજનારની સાથે લૂંણી ગામે રહેતી હતી. તેને બોલાવવા આરોપી આવેલા હતા. તેમની બહેનને આરોપી વારંવાર મારઝૂડ કરતો હતો, જેથી તેમની મરનાર માતાએ સમતીબેને આરોપી સાથે મોકલવાની ના પાડેલ. જેથી આરોપી તેમની માતાને ધમકી આપીને ગયેલ કે 'હું તને રાતે આવીને મારી નાખીશ.' તેઓ જણાવે છે કે, બીજા દિવસે સવારે તેમના ઘર આગળ વાસણ ધોવાની જગ્યા પર લોહી પડેલ હતું અને તે જગ્યા ઉપર ચાદર પડેલ હતી અને તેમની માતા મરણ ગયેલ હાલતમાં લોહીલુહાણ પડેલી હતી. સાહેદ ઉલટ તપાસમાં પણ સરતપાસમાં જણાવેલ પુરાવાને મક્કમપણે વળગી

રહેલા છે. આમ, મરનારના બંને દીકરાઓના પુરાવામાંથી તેમની બહેન હિંમતીબેન જે આરોપીના પત્ની થતા હતા અને આ બનાવ અગાઉથી આરોપી અને તેમના પત્ની હિંમતીબેન વચ્ચે અવારનવાર ઝગડા થતાં, આરોપી હિંમતીબેનને મારઝૂડ કરતાં, હિંમતીબેન લૂંણી ગામે મરનાર માતા સાથે રહેવા આવી ગયેલા. હિંમતીબેને તેડી લઇ જવા માટે બનાવના બે દિવસ અગાઉ આરોપી આવેલા બાદમાં બનાવના આગલા દિવસે પણ તેડી લઇ જવા માટે આવેલ હતા પરંતુ મરનાર કે જે આરોપીના સાસુ થાય છે, તેણીએ પોતાની દીકરી હિંમતીબેનને આરોપી પતિ સાથે મોકલવાની ના પાડેલી. જેથી આરોપીએ પોતાની સાસુને ધમકી આપીને ગયેલ કે 'હું તને રાતે આવીને મારી નાખીશ.' તેના બીજા જ દિવસે મરનારનું ખૂન થઇ ગયેલ હતું અને લાશ ઘરમાંથી મળી આવેલી. જો કે, તેડવા માટે બીજા બે માણસો કોણ આવેલા તે બાબતે બંને ભાઇઓએ કોઇ પુરાવો જણાવેલ નથી. પરંતુ મરનારના ઘરે આરોપીના પત્ની રિસાઇને આવી ગયેલ તેને આરોપી તેડી જવા માંગતા હતા છતાં આરોપી સાથે મરનારે તેની દીકરી હિમતીબેન ને મોકલેલ ન હતા. જે કારણે હાલનો બનાવ બનેલ હતો તેવા આરોપીના મોટિવના મુદ્દા સંબંધે મરનારના બંને દીકરાઓના પુરાવામાંથી ફરિયાદપક્ષને સમર્થન મળે છે. એટલું જ નહી, સી.સી.ટી.વી. ફુટેજમાં કુહાડી લઇને આરોપીને જતા જોયેલા તે બાબતે આરોપીની અટક કરેલ હતી તેની જાણ પણ ફરિયાદીને પોલીસે કરેલ હતી. જે સબબનો ઇલેક્ટ્રોનિક્સ એવિડન્સનો પુરાવો આંક-૪૬ વાળી વીડીયો સીડી/ ડી.વી.ડી.ના ફુટેજ ફરિયાદપક્ષે રજૂ રાખેલ છે.

**(૧૫)** હવે, સાહેદ નંબર-૩ હિંમતીબેન વેરસીંગભાઇ રાઠવા જે આરોપીના પત્ની થાય છે, ફરિયાદપક્ષના કેસ મુજબ તેમની સાથે આરોપીને ઝગડો થયેલો, જેથી તેણી પીયરમાં મરનાર માતા સાથે રહેતી હોય મરનારે આરોપીના ઘરે મોકલવાની ના પાડેલી જેના કારણે મરનારનું ખૂન કરી નાખેલ હતું, જેથી આ મહત્વના સાહેદ છે. આ સાહેદના પુરાવાને બારીકાઈથી જોતાં તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તેણીના લગ્ન પચ્ચીસ વર્ષ પહેલા રૂનવાડ ગામે આરોપી સાથે થયેલા હતા. તેને વસ્તારમાં ત્રણ છોકરીઓ અને એક છોકરો છે. તેણીનું પીયર લૂંણી ગામ છે. આરોપી દારૂ પીને અવારનવાર તેણી સાથે ઝગડો કરતો હોઇ, જેથી તેણી તેના પીયર લૂંણી ગામે આવી ગયેલ હતી. અને ત્યાંથી તેમના ભાઇઓ સાથે હળવદ મૂકામે મજૂરી કામે ગયેલી હતી. ત્યારે ફોનથી વીરસિંગભાઇ, રાયસીંગ(પટેલ), મોતીભાઇ લૂંણી ગામે તેણીને તેડવા માટે આવેલાની ફોનથી જાણ થયેલી પરંતુ તેણી હાજર ન હોય તેઓ પરત ફરેલા. બાદમાં ફરીથી રાતના આવેલા. બાદમાં કોઇક વ્યક્તિ આવીને તેણીની માને મારી ગયેલાની

તેણીને જાણ થતાં તેણી તેના માતાના ઘરે રાતના બે વાગે પહોંચી ગયેલ. જ્યાં તેણીની માતાના મરણ જવાની શંકા આરોપી ઉપર રાખેલી. ઉલટ તપાસમાં તેણીએ સ્વીકાર્યું છે કે, તેણી હળવદ મુકામે હોય બનાવ નજરે જોયેલ નથી, આરોપી મારકૂટ કરતો હતો તે બાબતે પોલીસમાં કોઇ ફરિયાદ આપેલ નહીં. પરંતુ આરોપીએ અવારનવાર મારઝૂડ કરતાં તેણી લૂંણી ગામે આવી ગયેલ હતા અને ત્યાંથી મજૂરીએ જતા રહેલા જેથી આરોપી તેમના ઘરે પરત જતા રહેલા અને તે જ રાત્રીના મરનારનું ખૂન થઇ ગયેલ હતું જેથી હાલના આરોપી ઉપર શંકા ઉભી કરેલી હતી, તે શંકા ખોટી ઠરતી હોવાની કોઇ હકીકત આ સાહેદની ઉલટ તપાસમાંથી બચાવપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી. જોકે પુરાવા પરથી એ સ્પષ્ટ થાય છે કે આરોપી હિંમતીબેનને પોતાના સાથે લઈ જવા માટે આવ્યો હતો, પરંતુ આરોપી દ્વારા અગાઉ મારઝૂડ કરવામાં આવતી હોવાથી હિંમતીબેન તેની સાથે જવા તૈયાર ન હતી. વધુમાં, મરનારે પણ હિંમતીબેનને આરોપી સાથે મોકલવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે, આરોપી હિંમતીબેનને તેડવા આવ્યો હોવાનો પુરાવો રેકોર્ડ પર ઉપલબ્ધ છે અને ત્યારબાદ તે જ રાત્રે મરનારનું ખૂન થયેલું છે. આ સંજોગો આરોપી તરફ નિર્દેશ કરતી શંકા ઉત્પન્ન કરે છે, જે રેકર્ડ પરના અન્ય પુરાવા સાથે જોતાં પ્રબળ પુરાવામાં પરિવર્તિત થાય છે. વધુમાં, હિંમતીબેને પોતાના પતિ એટલે કે આરોપી વિરુદ્ધ અગાઉ થયેલી મારઝૂડ તથા તેના કારણે ઊભા થયેલા વિવાદ અંગે સ્પષ્ટ પુરાવો આપીને તથા તેણીની માતા તેને પતિના ઘરે નહીં મોકલતા આરોપી માટે ગુનાનું કારણ (મોટિવ) સ્થાપિત કર્યું છે. તેના નિવેદનને રેકોર્ડ પરના અન્ય સંજોગાત્મક પુરાવાઓ પણ સમર્થન આપે છે. તેથી ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ ગુનાનું કારણ (મોટિવ) સફળતાપૂર્વક પુરવાર કર્યું હોવાનું આ અદાલત માને છે. અહીં, પચ્ચીસ વર્ષ ઉપરાંતના આરોપી સાથેના લગ્ન જીવન અને ચાર સંતાનોની માતાએ પોતાના પતિ ઉપર મરનારનું ખૂન કરી નાખવા માટેની ખોટી શંકા કરી હોય તેમ કહી શકાય નહી અને જેથી આરોપીના પત્નીના પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી.

**(૧૬)** સાહેદ નંબર-૮ ફરિયાદીના પત્ની કપૂરીબેન રાયસીંગભાઇ રાઠવાએ તેમના પુરાવામાં જણાવ્યુ છે કે, બનાવ એકાદ વર્ષ ઉપર બનેલો. બનાવ વખતે તેણી ઘરે હતી અને બધા સંયુક્ત કુટુંબમાં રહે છે. તેણીની નણંદ હિંમતીબેનને નણદોઇ વીરસિંગભાઇ એટલે કે, આરોપી મારકૂટ કરતો હતો, જેથી નણંદ પીયરમાં આવી ગયેલી. બનાવના દિવસે સવારે તેણી ઘરે હાજર હતી તે વખતે આરોપી તેમના ઘરે આવેલા અને તેના સાસુને કહેલ કે 'મારી પત્નીને તમો મોકલતા નથી જેથી હું તમને મારી નાખીશ.' તેવું કહીને આરોપી જતો રહેલો. એવું જણાવે છે કે, તેમના સાસુ મરણ ગયા તે પહેલા

નણંદને આરોપીએ માથાના ભાગે મારી ઇજાઓ કરેલી, જેથી તેઓ પીયર બે ત્રણ મહિના જેવું રોકાયેલા. તે વખતે તેણીના દિયર મોતીભાઇના ડરથી જે તે વખતે આરોપી ઘરે આવતો ન હતો. તેની નણંદ મજૂરી કામ અર્થે દિયર સાથે જતી રહેલ હતી અને આરોપીએ તમે મારી પત્નીને સંતાડી રાખેલ છે મોકલતા નથી તેમ કરીને રાત્રીના આવીને તેમના સાસુને મારી નાખેલ. સાહેદે ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે, સરતપાસમાં જે પુરાવો જણાવે છે તે હકીકત તેમના પોલીસ નિવેદનમાં લખાવ્યાનો ઇનકાર કરી પોતે બનાવ નજરે જોયેલ નથી. પરંતુ સાથે સાથે પોલીસ નિવેદનમાં સમતીબેનને કોઇ અજાણ્યા ઇસમે મારી નાખ્યાનું લખાવેલ હોવાનો સ્પષ્ટ ઇનકાર પણ કરીને આરોપીએ જ મરનારને મારી નાખ્યાનું પોલીસને લખાવેલ હોવાની વાતને ઉલટ તપાસમાં પણ મક્કમપણે વળગી રહેલા છે. આનો મતલબ એ કરી શકાય કે, સાહેદે જે સરતપાસમાં પુરાવો જણાવ્યો હતો તેવી જ હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલી છે. જેથી માત્ર પોલીસ નિવેદનમાં લખાવેલ નથી તેવું સ્વીકારી લેવાથી સરતપાસના પુરાવાને નકારી શકાય નહી તે માટે બચાવપક્ષે સરતપાસમાં જે પુરાવો એટલે કે, આરોપીએ જ મરનારનું ખૂન કરી નાખેલ હતુ, અને ખૂન કરી નાખવા માટેના જે કારણો અને જે રીતે ખૂન કર્યુ તે રાત્રીના સવારના જ આરોપીએ મરનારને ધમકી આપીને રાત્રે ખૂન કરેલ હતું તે બાબતે જે પુરાવો જણાવે છે તેવા પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી.

**(૧૭)** સાહેદ નંબર-૯ ચંપાબેન ટીનાભાઇ રાઠવા જે સાહેદ નંબર-૨ની પત્ની થાય છે. તેણીના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તેણીની નણંદ હિંમતીબેનના લગ્ન રૂણવાડ ગામના વીરસિંગભાઇ સાથે થયેલા હતા. મરણજનાર સમતીબેન તેના સાસુ થાય છે અને આરોપી નણદોઇ થાય છે. બનાવ આજથી એકાદ વર્ષ અગાઉ બનેલો હતો તે વખતે તેણી ઘરે હતી. એવું બહાર આવે છે કે, નણંદ હિંમતીબેનને તેમના પતિએ માથામાં ઇંટ મારેલ હોય, તેણી રીસામણે છેલ્લા બે માસથી પીયરમાં રહેતી હતી અને મજૂરીએ જતી હતી. હિંમતીબેનને માથામાં ઇંટ મારેલ હોય જેથી તેની મરનાર સાસુ અને આરોપી વચ્ચે આ સબબ બોલાચાલી થયેલી હતી અને નણંદનું છૂટું કરવાની વાત કરતા હતા. જેથી બનાવના દિવસે સવારના દશેક વાગે વીરસિંગભાઇ તેના ગામના બે ત્રણ લોકોને લઇને નણંદ હિંમતીબેનને તેડવા આવેલ, પરંતુ નણંદ મજૂરીએ ગયેલ હતી. જેથી મરનાર સાસુ સાથે બોલાચાલી કરી પાછા જતા રહેલા. તે રાત્રે તેણીના મરનાર સાસુ એકલા ખાટલા ઉપર સૂતા હતા અને બીજા દિવસે તેમને જાણ થયેલ કે મરનાર સાસુને માથાના ભાગે કુહાડી મારીને હત્યા થયેલી છે. વધુમાં તેણીના પુરાવા મુજબ બનાવના દિવસે સવારે તેના નણદોઇ વીરસિંગભાઇ સાસુ સાથે ઝગડો કરીને ગયેલા હતા. તેઓને

દારૂ પીવાની ટેવ હોય અને તેના સાસુને અન્ય કોઇ સાથે અણબનાવ ન હોય, રાત્રે આવીને તેણે જ તેણીની સાસુની હત્યા કરેલ હોઇ શકે. ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ વખતે ચોમાસાની ઋતુ હતી અને તે દિવસે વરસાદ પડેલો હતો, તેણીની સાસુ ઘરની અંદર સૂતા હતા, બારણા બંધ કરીને સૂતા હતા. એવું સ્વીકારે છે કે, વીરસિંગભાઇનું નામ શંકાના આધારે આપેલ હતું. આ સાહેદે પણ તેણીની નણંદ હિંમતીબેનને આરોપીએ માથામાં ઇંટ મારેલ જેથી રીસામણે પીયરમાં છેલ્લા બે માસથી રહેતી હોવાની અને મજૂરીએ જતી હોવાની તથા સાસુ અને તેમના જમાઇ વીરસિંગભાઇ વચ્ચે આ સબબ બોલાચાલી થયેલી હોવાનો અને નણંદનું છૂટું કરવાની વાત કરતા હતા તેવો સરતપાસમાં જે પુરાવો જણાવ્યો હતો તે પોલીસમાં લખાવેલ નથી. જ્યારે આરોપીએ જ મરનારની હત્યા કરેલ હોવાની શંકાને વળગી રહેલા છે.

**(૧૮)** ત્યારબાદ બાળ સાહેદ નંબર-૧૦ કિંજલબેન ટીનાભાઇ રાઠવા જેઓ અદાલત રૂબરૂ પુરાવો આપવા માટે સક્ષમ હતા. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તેણી ચાર ભાઇ બહેનો સાથે લૂંણી ગામે રહે છે. તેણીની દાદીનું નામ સમતીબેન છે. મરનાર તેમના ઘરની બાજુમાં એકલા રહેતા હતા. બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો. તે વખતે તેણી પાણી ભરવા માટે ગામના હેન્ડ પંપ ઉપર ગયેલ, ત્યાં રસ્તામાં નળી પાસે એક લોહીના ડાઘવાળી ચાદર જોયેલી. જેથી આ અંગે તેણી માતાને જાણ કરેલી અને દાદીના રૂમે ગયેલા, દાદીને બોલાવતા તે બોલતી ન હતી અને જમીન ઉપર લોહીલુહાણ હાલતમાં પડેલાનું જણાઇ આવેલું. જેથી બનાવની ઘરના સભ્યોને જાણ કરેલી. તેમના દાદી કેવી રીતે મૃત્યુ પામેલા તેની તેમને જાણ નથી. દાદીને માથાના ભાગે કુહાડી વાગેલ હતી. આ સાહેદના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, બનાવના આગલા દિવસે તેમના કુવા તેમના ઘરે આવેલા હતા. તેમની ફોઇ ઘરે હોય તેણીને તેઓ તેડવા માટે આવેલા, તે દરમ્યાન દાદી સાથે બોલાચાલી થયેલ હતી. આરોપી તેમના કુવા થતા હોય તેમ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદે ઉલટ તપાસમાં આરોપી ઘરે આવેલા ત્યારે તેણી નિશાળ ગયેલ હોવાનો ઇનકાર કરેલ છે. જો કે, તેમની હાજરીમાં આરોપીએ મરનાર સાથે ઝગડો કર્યાની ના પાડે છે પરંતુ આરોપી અને મરનાર સાથે બોલાચાલીનો બનાવ આ બાળ સાહેદની હાજરીમાં બનેલો હતો તે વાતનો આ બાળ સાહેદનો પુરાવો જોતાં ઇનકાર થઇ શકે તેમ નથી.

**પોલીસ તપાસ અંગે પંચ સાહેદોનો પુરાવો :-**

**(૧૯)** ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ કરશનભાઇ રસલાભાઇ રાઠવાને

સાહેદ નંબર-૩ થી તપાસેલ હતા. જો કે, જુબાનીઓ જોતાં સાહેદ નંબર-૩ થી આરોપીના પત્નીને પણ તપાસેલ છે. સાહેદ નંબર-૩ થી બે સાહેદોનો પુરાવો રજૂ થયો છે જે શરતચૂકથી નોંધાયેલ હોય તેમ ફલિત થાય છે. જેથી આ પંચ સાહેદને સાહેદ નંબર-૩ A તરીકે પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. આ પંચના પુરાવા મુજબ એકાદ વર્ષ પહેલા ગામના સરપંચે પોલીસના માણસો હાજર હતાં, ત્યાં બોલાવેલા અને તે વખતે બીજા પંચ ભીમલાભાઇ માંગલીયાભાઇ નાઓ હાજર હતા. બનાવ બનેલ તે જગ્યા ઉપર મરણજનાર સમતીબેનનું મકાન આવેલ હતું. ત્યાંથી પંચો રૂબરૂ લોહીવાળી માટી કબજે કરી તે બાબતનું પંચનામું કરેલ. તેમ જણાવી બનાવની જગ્યાના પંચનામામાં તેમની તથા અન્ય પંચની સહી ઓળખી બતાવતાં બનાવની જગ્યાનું પંચનામું આંક-૧૪ થી રેકોર્ડ પર લેવામાં આવેલ છે. આ પંચે પોલીસ સ્ટેશનમાં સહી કરેલ હોવાનો ઇનકાર કરેલ છે.

**(૨૦)** બીજા પંચ સાહેદ નંબર-૪ રણજીતભાઇ વિઠ્ઠલભાઇ તડવી, જેઓ લાશ પરનાં કપડાં કબજે લીધાના પંચનામાના પંચ છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, એકાદ વર્ષ અગાઉ તેમને છોટાઉદેપુર પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યાં એક સ્ત્રીના કપડા પોલીસે બતાવેલા અને તે કપડા જોતા એક મરૂણ અને લાલ કલરનો ટીશર્ટ, લાલ કલરનો ચણીયો, ફૂલભાત ડિઝાઇન વાળી ઓઢણી, તેમજ કેસરી કલરની ઓઢણી તેમજ એક કેસરી કલરનો રૂમાલ જેને તેઓ તથા અન્ય પંચ સંજયભાઇ કંદુભાઇ રાઠવા નાઓની હાજરીમાં આ તમામ કપડા અલગ અલગ કાગળમાં લપેટીને સીલ કરી પંચનામાની કાર્યવાહી લખી પંચનામું તેમની રૂબરૂમાં કરીને કબજે લીધેલ તેમ જણાવી લાશ પરનાં કપડાં કબજે લીધાના પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવતાં તે પંચનામું આંક-૧૬ થી રેકોર્ડ પર લેવામાં આવેલ છે. આરોપીપક્ષે કરેલી ઉલટ તપાસમાં પોલીસવાળાના કહેવાથી તૈયાર લખેલા પંચનામામાં સહીઓ કરી આપેલી તેવું પણ સ્વીકારે છે. પરંતુ આંક-૧૬ વાળા પંચનામાની કાર્યવાહી બાબતે જે પુરાવો જણાવે છે તેનું ખંડન કરતી બીજી કોઇ હકીકત બચાવપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી.

**(૨૧)** ઇન્કવેસ્ટ પંચનામાના પંચ હેતીબેન મોતીભાઇ રાઠવાને સાહેદ નંબર-૬ થી તપાસવામાં આવ્યા છે. તેમના કથન મુજબ મરણજનાર સમતીબેન તેમના સાસુ થતા હતા. તેઓની લાશ છોટાઉદેપુર સરકારી દવાખાને પી.એમ. રૂમમાં હતી. જે લાશ તેમને બતાવેલી જે જોતાં તેણીના માથાના ભાગે ઇજા થયેલી હતી અને તેણીએ ટીશર્ટ અને લાલ કલરનો ચણીઓ પહેરેલો હતો તેમ જણાવી તેમની સાથેના અન્ય બીજા પંચ મુકેશભાઇ રાઠવા, ભીમલાભાઇ રાઠવા નાઓ પણ હાજર હતા. તેઓની સહી/અંગૂઠા ઓળખી બતાવતાં ઇન્કવેસ્ટ પંચનામું આંક-૨૧ થી રેકોર્ડ પર લેવામાં આવેલ હતું.

ઉ.ત.માં તેઓએ જે કાગળમાં અંગૂઠો કરેલ તે કાગળ વાંચી સંભળાવેલ નહીં કે તેમાં કઇ વિગતો લખેલી છે તેની સમજ કરેલ ન હતી તેવું સ્વીકારે છે. પરંતુ આંક-૨૧ ના ઇન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી આ પંચ સાહેદની હાજરીમાં થયેલ હતી અને મરનારને જે ઇજાઓ થયેલ હતી તે જોયેલ છે અને તે મુજબ જ પંચનામાની કાર્યવાહી કરેલી છે તેને નકારી શકાય તેવી બીજી કોઇ હકીકત રેકોર્ડ પર આવતી નથી.

**(૨૨)** સરકારી પંચ ધ્રુવરાજસિંહ ગણપતસિંહ પરમારને સાહેદ નંબર-૭ થી તપાસવામાં આવ્યા છે, તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. દ્વારા સરકારી પંચમાં હાજર રહેવા જાણ કરતાં, તેઓ તથા બીજા સરકારી પંચ અલ્પેશભાઇ માનસીંગભાઇ ડામોર નાઓ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન હાજર થયેલા. તે વખતે પોલીસ સ્ટેશનમાં એક ઇસમ હાજર હતા જેઓનું નામ ઠામ પૂછતા પોતાનું નામ વીરસિંગભાઇ જંગલીયાભાઇ ધાણુક જણાવેલ. તેઓનું તપાસ કરનાર અધિકારીએ શરીરસ્થિતિનું પંચનામું કરવાનું હોય, તેઓની શરીરસ્થિતિનું અવલોકન કરી જોતા તેઓના શરીર ઉપર કોઇ નોંધપાત્ર ઇજાના નીશાન જણાઇ આવેલ ન હતા. તેમજ તેઓની અંગઝડતી કરતા તેઓની પાસેથી એક સાદો મોબાઇલ મળી આવેલ. જે તપાસના કામે કબજે કરેલ. તેમ જણાવી આરોપીની શરીરસ્થિતિના પંચનામામાં તેમની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવતાં આરોપીની શરીરસ્થિતિનું પંચનામું આંક-૨૩ થી રેકોર્ડ પર લેવામાં આવેલ છે. આ પંચ સાહેદ ડિસ્કવરી પંચનામાની કાર્યવાહી દરમ્યાનના પણ પંચ છે. તેમના પુરાવામાંથી એવું પણ બહાર આવે છે કે, આરોપીએ તેમની રૂબરૂમાં બનાવ સંબંધી હકીકત જણાવી બનાવ સમયના કપડા જે જગ્યાએ રાખેલ છે તે જગ્યા તથા કપડા બતાવવા રાજીખુશી દર્શાવતાં આરોપીને સાથે રાખી તેઓએ બતાવેલ જગ્યાએ પોલીસના માણસો સાથે પોલીસની સરકારી ગાડીમાં બેસી દશેક કિમી દુર આવેલ રૂનવાડ ખાતે, પટેલ ફળિયાએ લઇ ગયેલ. જ્યાં આરોપીએ એક મકાન બતાવેલું જે મકાન બંધ હાલતમાં હતું, જે ખોલી જોઇ ચકાસણી કરેલી. આરોપીએ તેમની હાજરીમાં તેમના મકાનમાં સંતાડી રાખેલા કપડા રજૂ કરેલા. જે કપડા ઉપર લોહી જેવા નીશાન જણાયેલ હતા તેમજ તેઓના ઘરમાં પોટલાની અંદર પાવડા જેવું હથિયાર પડેલું. જે હથિયારમાં લાકડાનો હાથો લગાડેલ ન હતો, જે જોતાં તેમાં કોઇ દેખીતા નીશાન જણાયેલ ન હતા. જે તમામ મુદ્દામાલ પંચનામાની રૂએ કબજે કરેલ અને પોલીસ સ્ટેશનમાં પંચનામાની કોમ્પ્યુટરાઇઝ પ્રિન્ટ કાઢી પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.૨ તરીકે બીજા અલ્પેશભાઇની સહી ઓળખી બતાવતાં ડિસ્કવરી પંચનામું આંક-૨૪ થી રેકોર્ડ પર

લેવામાં આવેલ છે. આ પંચે આરોપીને વી.સી. માધ્યમથી ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદે ઉલટ તપાસમાં પંચમાં રહેવા યાદીના આધારે પોલીસ સ્ટેશનમાં ગયેલા. એવું પણ સ્વીકારે છે કે, પોલીસ સ્ટેશનમાં જ પોલીસ વાળાએ પંચનામું લખી લઇ તેમાં તેમની સહી લીધેલી. એવું પણ સ્વીકારે છે કે, પોલીસ વાળાએ મુદ્દામાલ તેમને બતાવી કબજે લીધેલ, પંચનામામાં સહીઓ કર્યા બાદ પોલીસ સ્ટેશનેથી બીજે ક્યાંય ગયેલા નહીં. આ સરકારી પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ સરતપાસમાં પંચનામાઓની હકીકતો બાબતે જે પુરાવો જણાવ્યો છે, તે પંચનામાની કાર્યવાહી શંકાસ્પદ બનેલ છે. પરંતુ આંક-૨૩ અને આંક-૨૪ ના પંચનામાની વિગતે પોલીસે આ ગુનાના કામે જે ડિસ્કવરી કે રિકવરી કરેલ હતી તે મુજબ આરોપીને સાથે રાખી તેઓએ બતાવેલ જગ્યાએ પોલીસના માણસો સાથે પોલીસની સરકારી ગાડીમાં બેસી દશેક કિમી દુર આવેલ રૂનવાડ, પટેલ ફળિયાએ લઇ ગયેલ ત્યાં ગયેલા અને આરોપીએ કપડાં તેમના ઘરમાંથી કાઢી બતાવતાં કબજે લીધેલ હોવાનો જે સરતપાસમાં પુરાવો જણાવે છે. આમ, આ પંચ રૂનવાડ ગામે આરોપીની સાથે ગયેલ જ ન હતા તેવી વિરુધ્ધની હકીકત રેકોર્ડ પર આવતી નથી ત્યાં સુધી ઉલટ તપાસની હકીકતો ધ્યાને લઇ સમગ્ર આંક-૨૩ અને આંક-૨૪ ના પંચનામાની પોલીસે કરેલી કાર્યવાહી ખોટી રીતે ઉભી કરેલ હોવાનુ કહી શકાય નહી. વળી, આ બાબતે સરકારી સાહેદના પુરાવા માત્ર ઉપર ફરિયાદપક્ષનો કેસ અટકી જતો નથી કે બીજા રજુ થયેલા પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી. પુરાવાના મુલ્યાંકન વખતે આ સાહેદના પુરાવાથી કેટલો ટેકો મળે છે તે માત્ર જોવાનુ રહેશે.

**તપાસ અંગેનો પુરાવો :-**

**(૨૩)** આ ગુનાના તપાસ અધિકારી શૈલેષભાઇ ભારતસિંહ વસાવાને સાહેદ નંબર-૧૧ થી તપાસવામાં આવ્યા છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, સને-૨૦૨૪ માં છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, દરમ્યાન તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ ઇન્ચાર્જ પી.આઇ. શ્રી આર.એમ. વસાવાની રૂબરૂમાં ફરિયાદીએ તેઓની માતા મરનાર સમતીબેન ધનસીંગભાઇની કોઇ અજાણ્યા ઇસમે તીક્ષ્ણ હથિયાર વડે મોત નીપજાવ્યા સબબની ફરિયાદ જાહેર કરેલ. જે ફરિયાદ અનુસંધાને તેઓએ આંક-૨૯ વાળો ગુનાનો સ્પેશ્યલ રિપોર્ટ તૈયાર કરેલ. પી.આઇ. શ્રી આર.એમ. વસાવાએ ગુનાની તપાસ જાતે સંભાળી મરનારની બોડીનું પી.એમ. કરાવેલ, લાશ સોંપ્યાની યાદી તથા લાશ મળ્યાની આંક-૩૦ તથા આંક-૩૧ વાળી પાવતીઓ તૈયાર કરેલી. લાશનું ઇન્ક્વેસ્ટ ભરવા મામલતદાર છોટાઉદેપુરને આંક-૩૨ વાળી યાદી કરેલી, ગુનાવાળી જગ્યાનું સ્થળ

પરીક્ષણ એફ.એસ. એલ.અધિકારી મારફતે આંક-૩૩ વાળી યાદી કરીને સ્થળ પરીક્ષણનો આંક-૩૪ વાળો અહેવાલ આવતાં ચાર્જશીટ સાથે સામેલ રાખેલ. તપાસ દરમ્યાન ડોગ સ્કવોડની મદદ મેળવેલ તે અંગેનું આંક-૩૫ વાળુ કોલ ફોર્મ મેળવેલ. તપાસ દરમ્યાન ગુનાવાળી જગ્યાના સેલ આઇ.ડી. મેળવવા શ્રી વસાવાએ આંક-૩૬ વાળી યાદી કરેલી. એવું બહાર આવે છે કે, આગળની તપાસ રેગ્યુલર પી.આઇ. શ્રી પરમારે સંભાળેલી. શ્રી પરમારે સરકારી પંચો મેળવવા જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારીને આંક-૩૭ વાળી યાદી કરેલી. તેઓએ આરોપીની અટક કરી તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા આંક-૩૮ ની યાદી કરેલી. એવું પણ બહાર આવે છે કે, છોટાઉદેપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એ પણ ગુનાની તપાસ સંભાળેલી હતી. તેઓએ ધરપકડ કરેલ આરોપીની મેડિકલ તપાસણી કરવા તેનું બ્લડ સેમ્પલ મેળવવા આંક-૩૯ તથા આંક-૪૦ ની યાદીઓ કરેલી. શ્રી પરમારે એફ.આઇ.આર.માં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૩૮(ક) નો ઉમેરો કરવા ચીફ. જ્યુડી. મેજી.ને આંક-૪૧ વાળી યાદી કરેલી. ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સર્કલ ઓફિસરને આંક-૪૨ ની યાદી કરેલી. શ્રી પરમારે ગુનાને સંલગ્ન મોબાઇલના સી.ડી.આર./એસ.ડી.આર. મેળવવા પોલીસ અધીક્ષકશ્રીને આંક-૪૩ ની યાદી કરેલ, જે અનુસંધાને વોડાફોન નેટવર્ક કંપનીનો કોલડીટેઇલ રિપોર્ટ આંક-૪૪ વાળો મોકલી આપેલ, જે કામમાં સામેલ રાખેલ. તાલુકા વિસ્તરણ અધિકારીએ ગુનાનો આંક-૪૫ વાળો નકશો તૈયાર કરી તા.૦૪/૧૨/૨૦૨૪ ના રોજ ફોરવર્ડિંગ પત્ર સાથે મોકલી આપેલ તે તપાસના કામે સામેલ રાખેલ. તેમની તપાસ દરમ્યાન નેત્રમ કમાન્ડ ને ગુનાને સંલગ્ન સી.સી.ટી.વી. ફૂટેજની માંગણી કરતી યાદી કરેલી, જે અનુસંધાને નેત્રમ કમાન્ડના ઇન્ચાર્જ પી.આઇ.શ્રી ગાવિંતે સી.સી.ટી.વી.ની વીડીયો સી.ડી. ફોરવર્ડિંગ પત્ર તથા સી.ડી. મોકલી આપેલ, જે ઓળખી બતાવતાં આંક-૪૬ થી પુરાવામાં રજૂ થયેલ છે. તપાસ દરમ્યાન સદર સી.ડી.ના અનુસંધાને ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ-૬૩(સી)(૪)નું સર્ટિફિકેટ નેત્રમના સીનિયર એન્જિનિયર શ્રી મુન્નાવહર એમ. મદારા એ આપેલું, જે પણ સી.ડી. સાથે સામેલ રાખેલ હતું. તેમજ તપાસ દરમ્યાન એકઠા કરેલ મુદ્દામાલ આંક-૪૭ તથા આંક-૪૮ વાળી રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે મોકલી આપેલ. જે મુદ્દામાલ અનુક્રમે એફ.એસ.એલ. સુરત અને વડોદરા એફ.એસ.એલ. કચેરીએ મેળવી લીધેલો, જેની પહોંચ આંક-૪૯ તથા આંક-૫૦ આપવામાં આવેલી. એફ.એસ.એલ. પરીક્ષણ અંતે સુરત એફ.એસ.એલ. કચેરીનો આંક-૫૧ વાળો ઝેરશાસ્ત્રનો અહેવાલ તેમજ એફ.એસ.એલ. કચેરી વડોદરા નાઓએ મુદ્દામાલ કપડા તથા હથિયારનો

બાયોલોજીકલ તથા સિરોલોજીકલ પરીક્ષણ કરી અહેવાલ તા.૨૬/૧૨/૨૦૨૪ નો ફોરવર્ડિંગ લેટર સાથે આંક-૫૨ વાળો મોકલી આપેલ. જે પોલીસ પેપર્સ સાથે સામેલ રાખેલ. આ ત.ક. અમલદારે જણાવ્યુ છે કે, તપાસ દરમ્યાન નેત્રમ સી.સી.ટી.વી. ફૂટેજમાં અનુક્રમે આરોપી જે મરનારના જમાઇ થતા હતા તે કુહાડી સાથે બનાવના સમય દરમ્યાન અનુક્રમે કવાંટ નાકા, એસ.બી.આઇ. બેન્ક, રંગપુર નાકામાં પોતાના ગામ તરફ એકલો ચાલતો જતો દેખાયેલો. અંતે, તેમના પુરોગામી પોલીસ અધિકારીઓની તપાસના કાગળોથી વાકેફ થઇ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા માટે પૂરતો પુરાવો જણાઇ આવતા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલું, તથા આરોપીને વી.સી.થી ઓળખી બતાવેલ છે. આ ત.ક અમલદારની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારે છે કે, આરોપીની તેઓએ અટક કરેલ નથી, આરોપીને જોયેલો નથી, ફક્ત ચાર્જશીટ કરેલ છે. ગુનાની તપાસ આગળના પી.આઇ. શ્રીઓએ કરેલ હતી. આમ, આ ગુનાની શરૂઆતની તપાસ ઇંચા. પી.આઇ.શ્રી આર.એમ. વસાવા કરેલી, ત્યારબાદની બીજી વધુ તપાસ રેગ્યુલર પી.આઇ.શ્રી પરમારે કરેલ હતી. જ્યારે ફરિયાદપક્ષે આ કામે તપાસેલ સાહેદના પુરાવાનું અવલોકન કરવામાં આવે છે ત્યારે જણાય છે કે તેઓએ હાલના ગુનાની મૂળ તપાસ જાતે કરેલ નથી, પરંતુ તપાસના કાગળોના આધારે ચાર્જશીટ રજૂ કરેલ છે. પરિણામે, તપાસ દરમિયાન કરવામાં આવેલ વિવિધ કાર્યવાહી તથા સાંયોગિક પુરાવાઓની કડીઓ અંગે તેમને જાતમાહિતી નથી. તેથી તપાસની હકીકતોને સ્પર્શતા તત્કાલીન તપાસ અધિકારીઓનો સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. તેમ છતાં, માત્ર એટલા કારણસર સમગ્ર તપાસની કાર્યવાહીને અવિશ્વસનીય અથવા ત્યાજ્ય ઠરાવી શકાય તેમ નથી. રેકોર્ડ પર રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, પંચનામાઓ તથા અન્ય તપાસલક્ષી કાર્યવાહીનું મૂલ્યાંકન કરતાં એવું ક્યાંય પ્રતિપાદિત થતું નથી કે તપાસ અધિકારીઓએ પંચોની હાજરીમાં તૈયાર કરેલ પંચનામાઓ ખોટી રીતે ઉભા કર્યા હોય, ખોટા પુરાવાઓ ઊભા કર્યા હોય અથવા આરોપી પ્રત્યે દ્વેષભાવ કે પૂર્વગ્રહ રાખીને એવી તપાસ કરી હોય કે જેના કારણે ફરિયાદપક્ષના કેસ અંગે વાજબી શંકા ઊભી થાય. બચાવપક્ષ પણ તેવા કોઇ વિશ્વસનીય પુરાવા અથવા સંજોગો રેકોર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી. આથી, તત્કાલીન તપાસ અધિકારીઓની તપાસની કાર્યવાહી માત્ર તેઓના પુરાવાના અભાવે સંપૂર્ણપણે નજરઅંદાજ કરી શકાય નહીં. અલબત્ત, તે કાર્યવાહીની પુરાવાકીય કિંમતનું મૂલ્યાંકન રેકોર્ડ પર ઉપલબ્ધ સ્વીકાર્ય અને સાબિત થયેલા પુરાવાઓના પ્રકાશમાં કરવાનું રહે છે.

**(૨૪)** હાલના કેસમાં રેકોર્ડ પર ઉપલબ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે, બનાવ બનતો કોઈપણ પ્રત્યક્ષદર્શી (નજરે જોનાર) સાહેદ ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી. તેથી ફરિયાદપક્ષનો સમગ્ર કેસ સાંયોગિક પુરાવાઓની કડી ઉપર આધારિત છે. પરિણામે, રજૂ થયેલા દરેક સાંયોગિક પુરાવાનું સ્વતંત્ર તથા સંયુક્ત મૂલ્યાંકન કરીને તે તમામ પરિસ્થિતિઓ એકબીજા સાથે એવી રીતે જોડાય છે કે જેના પરિણામે આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ગુનો આચરવામાં આવ્યો હોવાની વાજબી સંભાવના સંપૂર્ણપણે નકારી શકાય છે કે કેમ તે તપાસવાનું આ અદાલતનું કર્તવ્ય બને છે.

**(૨૫)** સામાન્ય રીતે જ્યાં ઘટનાના પ્રત્યક્ષદર્શી સાહેદો ઉપલબ્ધ હોય ત્યાં ગુનાના કારણ (મોટિવ)નું વિશેષ મહત્વ રહેતું નથી. પરંતુ જ્યાં કેસ સંપૂર્ણપણે સાંયોગિક પુરાવાઓ ઉપર આધારિત હોય ત્યાં આરોપીનો મોટિવ, તેની વર્તણૂક, ગુના પૂર્વે તથા ગુના પછીની સંબંધિત પરિસ્થિતિઓ અને અન્ય કડીબદ્ધ પુરાવાઓનું વિશેષ મહત્વ રહે છે. આવા કેસમાં અદાલતે એ ચકાસવાનું રહે છે કે તપાસ દરમિયાન ઉભી થયેલી દરેક સંજોગાત્મક કડી વિશ્વસનીય, નિઃશંક અને પરસ્પર સુસંગત રીતે પુરવાર થાય છે કે કેમ? તેમજ તમામ કડીઓનું સંયુક્ત પરિણામ માત્ર અને માત્ર આરોપીના દોષ તરફ જ દોરી જાય છે કે કેમ? જો સાંયોગિક પુરાવાની કડીઓ પૂર્ણ, અખંડિત અને અન્ય કોઈ નિર્દોષ પરિકલ્પનાને વાજબી રીતે બાકાત રાખતી હોય તો જ તેના આધારે દોષારોપણ થઈ શકે.

**(૨૬)** હાલના કેસમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ મુખ્યત્વે મરનારના કુટુંબીજનો, જેમાં ફરિયાદી, મરનારના પુત્રો, પૌત્રી, પુત્રવધૂ તથા બનાવ પૂર્વે મરનારના ઘરે હાજર રહેલા સાહેદોનો સમાવેશ થાય છે, તેમના મૌખિક પુરાવાઓ ઉપર આધારિત રાખ્યો છે. તે ઉપરાંત આરોપીની પત્ની, સ્વતંત્ર પંચ સાક્ષીઓ, મરનારનું પોસ્ટમોર્ટમ કરનાર તબીબી અધિકારી તથા તપાસ અધિકારીના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. વધુમાં ફરિયાદપક્ષે અંદાજે ૨૮ જેટલા દસ્તાવેજી પુરાવાઓ પણ રેકોર્ડ પર રજૂ કર્યા છે, જેનો એકંદર અભ્યાસ કરતાં ફરિયાદપક્ષના કેસને જરૂરી સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૨૭)** ફરિયાદપક્ષનો મુખ્ય કેસ એવો છે કે મરનાર સમતીબેન આરોપીની સાસુ હતા. આરોપી પોતાની પત્ની હિંમતીબેન સાથે સતત ઝઘડા તથા મારપીટ કરતો હોવાથી હિંમતીબેન રીસાઈને પોતાના પિયરમાં લૂંણી ગામે રહેવા આવી ગયેલ હતા. આરોપીએ તેણીને પરત લઈ જવાના અનેક પ્રયત્નો કર્યા હોવા છતાં મરનાર તથા તેમના પરિવારજનો

દ્વારા તેણીને આરોપી સાથે મોકલવામાં આવી ન હતી. ત્યારબાદ હિંમતીબેનને તેમના ભાઈઓ સાથે મજૂરી કામ માટે બહારગામ મોકલી દેવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિથી નારાજ થયેલા આરોપીએ પોતાની પત્નીને પોતાના ઘરે મોકલવાનો ઇનકાર કરનાર પોતાની સાસુ સમતીબેન પ્રત્યે દ્વેષ રાખી તેણીની કુહાડીના ઘા મારી હત્યા કરી હોવાનું ફરિયાદપક્ષનું વર્ણન છે. આ બાબતને ફરિયાદી, અન્ય સંબંધિત સાહેદોઓ તથા આરોપીની પત્નીના પુરાવાથી પણ નોંધપાત્ર સમર્થન પ્રાપ્ત થાય છે. બચાવપક્ષ આ સમગ્ર પુરાવાનું અસરકારક ખંડન કરવામાં અથવા તેની વિશ્વસનીયતા અંગે કોઈ ગંભીર શંકા ઊભી કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં, મરનારને અન્ય કોઇ વ્યક્તિ સાથે વેરઝેર અથવા દુશ્મનાવટ હોવાનો કોઈ પુરાવો રેકોર્ડ ઉપર ઉપલબ્ધ નથી. ફરિયાદપક્ષે આરોપીના ડિસ્કવરી સ્વરૂપની ખોજ ના અનુસંધાને હથિયાર તથા બનાવ સમયે પહેરેલ કપડાંની શોધ-જપ્તીની કાર્યવાહી, પંચનામાઓ તથા સંબંધિત સાહેદોઓના પુરાવાઓ રજૂ કર્યા છે. વધુમાં આંક-૪૬ મુજબ રજૂ થયેલ સી.સી.ટી.વી. ફૂટેજમાં આરોપીની હાજરી દર્શાવવામાં આવી છે. આ સંદર્ભે ભારતીય નાગરિક સુરક્ષા સહિતા ની કલમ-૩૫૧ હેઠળ આરોપી તરફથી કોઈ વિશ્વસનીય સમજૂતી આપવામાં આવી નથી. આ તમામ સંજોગોનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં આરોપી વિરુદ્ધ મોટિવ સહિતની સાંયોગિક પુરાવાની કડીઓ એકબીજાને સમર્થન આપતી જણાય છે અને ફરિયાદપક્ષનો કેસ મજબૂત બને છે.

**(૨૮)** તેનાથી વિરુદ્ધ આરોપીપક્ષે એવી રજૂઆત કરી છે કે, આંક-૧૦ વાળી ફરિયાદ હકીકતો બનાવના આઠ કલાક બાદ તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ નોંધાવેલી હોવા છતાં પ્રથમથી જ આરોપીએ મરનારનું ખૂન કરેલ હશે તેવી આરોપીની વિરુદ્ધમાં કોઇ શંકાઓ ઊભી કરેલ ન હતી. એવી પણ રજૂઆત કરી હતી કે, બીજા દિવસે તા.૧૮/૧૦/૨૦૨૪ ના રોજ ફરિયાદ હકીકતો સંદર્ભે ફરિયાદી તથા અન્ય સાહેદોના નિવેદનો નોંધેલા હતા તેમાં પણ આરોપી ઉપર કોઇ શંકા ગયેલ ન હતી પરંતુ બનાવ બાદ ચોથા દિવસે તા.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ આરોપીના પત્ની રીસાઇને પીયરમાં આવતી રહેલ હોય અને તેને આરોપીના ઘરે મરનારે મોકલેલ ન હોય જેથી આરોપીએ જ મરનારનું ખૂન કરેલ હશે, તેવી શંકા ગયેલ હતી. તે બાબતે સાહેદોના એકબીજાના પુરાવામાં મહત્વના મોટિવના મુદ્દા બાબતે પુરાવામાં પરસ્પર વિરોધાભાસ આવે છે. શંકાઓ ઊભી કરે છે તેવા પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધારી ચડાવીને આરોપીને સજા થાય તેવા પ્રકારનો પુરાવો જણાવે છે ત્યારે મહત્વનો મુદ્દો આરોપીનો મોટિવ પુરવાર થતો નથી. ત્યારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. સરકારી પંચ સાહેદના પુરાવાથી મહત્વના

આંક-૨૩ અને આંક-૨૪ વાળા પંચનામાની કાર્યવાહીથી સાંયોગિક પુરાવાની કોઇ કડીઓ જોડાયેલ નથી. એવી પણ ભારપૂર્વક દલીલ કરી છે કે, જે સી.સી.ટી.વી.ફુટેજ અંગેના પુરાવા આંક-૪૬ વાળા રજૂ કર્યા છે તે સંદર્ભે આરોપીની કોઇ ઓળખ પુરવાર થતી નથી કે તે બાબતે બીજા કોઇ પુરાવા રજૂ કરેલ નથી. જેથી ગુનાવાળી જગ્યા ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

**(૨૯)** પક્ષકારોની દલીલોની સાથે સાથે સૌપ્રથમ રેકોર્ડ પર આવેલા પુરાવાની મૂલવણી કરીએ તો, મરનાર સમતીબેનનું મોત એ કુદરતીક્રમથી થયેલ ન હતું. પરંતુ હત્યા/ખૂન સાપરાધ મનુષ્યવધ થયેલ તેવું ફરિયાદપક્ષની તરફેણમાં પુરવાર થાય છે.

**(૩૦)** હવે પ્રશ્ન એ રહે છે કે આ હત્યા આરોપીએ જ કરી હતી કે કેમ. રેકોર્ડ પરના સમગ્ર પુરાવાના મૂલ્યાંકનથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે આરોપી અને તેની પત્ની હિંમતીબેન વચ્ચે લાંબા સમયથી વૈવાહિક વિખવાદ ચાલતો હતો. આરોપી દ્વારા સતત મારપીટ અને ત્રાસ આપવામાં આવતા હિંમતીબેન પોતાના પિયરમાં રહેવા મજબૂર બન્યા હતા. આરોપીએ તેણીને પરત લઇ જવાના પ્રયત્નો કર્યા હોવા છતાં મરનાર તથા તેમના પરિવારજનો દ્વારા તેણીને આરોપી સાથે મોકલવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. વધુમાં, બનાવના આગલા દિવસે આરોપી લૂણી ગામે આવી મરનાર સાથે ઉગ્ર બોલાચાલી કરી ગયો હતો. આ તમામ હકીકતો અંગે ફરિયાદી, અન્ય કુટુંબી સાહેદોના તથા આરોપીની પત્નીના પુરાવા પરસ્પર એકબીજાને સમર્થન આપે છે. બચાવપક્ષે આ મહત્વપૂર્ણ પરિસ્થિતિઓનું ખંડન કરી શકે તેવો કોઈ વિશ્વસનીય કે સંભવિત પુરાવો રજૂ કર્યો નથી. માત્ર ઉલટતપાસ દરમિયાન સામાન્ય પ્રકારના વિરોધાભાસ દર્શાવવાથી આવા મૂળભૂત સંજોગો અવિશ્વસનીય બની જતા નથી. બચાવપક્ષની એવી દલીલ છે કે બનાવ પછીના ચાર દિવસ સુધી આરોપી ઉપર શંકા કરવામાં આવી ન હતી. આ દલીલ સ્વીકાર્ય જણાતી નથી. કારણ કે રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે મરનાર તથા આરોપી વચ્ચેના વિવાદો કુટુંબની આંતરિક બાબતોને લગતા હતા અને બનાવનો કોઈ પ્રત્યક્ષદર્શી સાહેદ પણ ઉપલબ્ધ નહોતો. આવા સંજોગોમાં ગ્રામ્ય તથા અલ્પશિક્ષિત સાહેદો દ્વારા તરત જ ચોક્કસ શંકા વ્યક્ત ન થવી એ અસ્વાભાવિક કહી શકાય નહીં. તપાસ આગળ વધતા અને તમામ પરિસ્થિતિઓનું મૂલ્યાંકન થતાં આરોપી વિરુદ્ધ શંકા મજબૂત બનવી એ સ્વાભાવિક પ્રક્રિયા છે. રેકોર્ડ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે બનાવના આગલા દિવસે આરોપી અને મરનાર વચ્ચે ગંભીર તકરાર થઈ હતી તથા પત્નીને આરોપી સાથે મોકલવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. બીજી તરફ મરનારને અન્ય કોઈ વ્યક્તિ સાથે દુશ્મનાવટ, વેરભાવ કે અન્ય કોઈ કારણસર જાનથી મારી નાખવાનું કારણ હોવાનું

બચાવપક્ષ દર્શાવી શક્યું નથી. તેથી આરોપી સિવાય અન્ય કોઇ વ્યક્તિ દ્વારા આ ગુનો આચરવામાં આવ્યો હોવાની કોઇ વાજબી સંભાવના રેકોર્ડ ઉપર ઉપસ્થિત થતી નથી. જ્યાં સુધી મોટિવના પુરાવામાં રહેલા અલ્પમાત્ર વિરોધાભાસનો પ્રશ્ન છે, ત્યાં સુધી તે મુખ્ય ઘટનાના મૂળ તત્વોને અસર કરતો નથી. ગૌણ વિરોધાભાસો માનવસહજ છે. દરેક સાહેદની અવલોકનશક્તિ, સ્મરણશક્તિ તથા વર્ણન કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી આવા સ્વાભાવિક તફાવતોને આધારે સમગ્ર પુરાવાને અવિશ્વસનીય ઠરાવી શકાય નહીં. ઉલટું, સાહેદોની જુબાનીઓમાં કૃત્રિમ એકરૂપતા ન હોવાને કારણે તે વધુ સ્વાભાવિક અને વિશ્વસનીય જણાય છે. વધુમાં, આરોપી બનાવના આગલા દિવસે લૂંણી ગામે આવ્યો જ ન હતો અથવા મરનાર સાથે કોઈ તકરાર થઈ ન હતી તેવો કોઈ ખડનાત્મક પુરાવો બચાવપક્ષ રજૂ કરી શક્યો નથી. તપાસ અધિકારીએ આ દિશામાં તપાસ ન કરી હોવાનું માત્ર કહેવું પૂરતું નથી; જ્યાં સુધી રજૂ થયેલા વિશ્વસનીય પુરાવાનું અસરકારક ખંડન ન થાય ત્યાં સુધી તેને અવગણવાનું કોઈ કારણ બનતું નથી. આમ, સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે આરોપીનો મોટિવ વિશ્વસનીય રીતે પુરવાર થાય છે; આરોપી વિરુદ્ધ ઊભી થયેલી શંકાઓને સમર્થન આપતી પરિસ્થિતિઓ પરસ્પર સુસંગત અને કડીબદ્ધ છે; અને બચાવપક્ષ તે સાંયોગિક કડી તોડી શકે તેવી કોઇ સંભવિત અથવા વિશ્વસનીય વૈકલ્પિક પરિકલ્પના રેકોર્ડ પર લાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. પરિણામે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ સાંયોગિક પુરાવાની સંપૂર્ણ અને અખંડિત સાંકળ સ્થાપિત કરવામાં સફળ થયેલ હોવાનું આ અદાલતનું સ્પષ્ટ તારણ છે.

**(૩૧)** હવે, સૌપ્રથમ રેકોર્ડ પર આવેલા પુરાવાનું જો મૂલ્યાંકન કરવામાં આવે તો, અગાઉ સાહેદોના પુરાવાની સ્વતંત્ર રીતે ચર્ચા કરી દેવામાં આવેલ છે. ફરિયાદપક્ષના કેસના સંદર્ભમાં તમામ સાહેદોના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, મરનારની દીકરી હિંમતીબેન જે આરોપીના પત્ની થતા હતા, તેણીને આરોપીએ આ બનાવ અગાઉ ઝગડો તકરાર કરીને માર મારતાં તેના લીધે રીસામણામાં પીયર લૂંણી ગામે આવી ગયેલ તેને આરોપીએ તેડવાનો પ્રયત્ન કરવા છતાં મોકલેલ નહીં. એવો પણ પુરાવો રેકોર્ડ પર આવે છે કે, આરોપીના પત્ની હિંમતીબેનનું આરોપીથી છૂટું કરી દેવાની વાતચીત પણ થયેલ હતી. પંચો સાથે તેડવા છતાં મોકલેલ નહીં અને છેલ્લે આરોપીના પત્નીને તેમના ભાઇઓ સાથે મજૂરી કામ અર્થે બહાર મોકલી દીધેલ હોય અને મરનાર સમતીબેન જે આરોપીની સાસુ થાય છે તેણીએ આરોપી સાથે તેની દીકરીને મોકલવાની ના પાડેલ જેથી આરોપીએ પોતાના સાસુને કુહાડીના ઘા મારીને મારી નાખેલ છે તેવો પુરાવો ફરિયાદી

તથા અન્ય તમામ સાહેદો તેમજ ખુદ આરોપીના પત્નીના પુરાવાથી પણ તે વાતને સમર્થન મળે છે. એવો પણ સ્પષ્ટ પુરાવો રેકોર્ડ પર આવે છે કે, બનાવના આગલા દિવસે આરોપી લૂંણી ગામે આવેલા અને મરનાર સાથે બોલાચાલી પણ કરેલ હતી. સાહેદોના ઉપરોક્ત પુરાવાઓ ખોટા ઠરતા હોય કે વધારી ચડાવીને પુરાવા આપતા હોય તો તેવા પુરાવામાં શંકાઓ ઉભી કરવી જોઇએ, પરંતુ તમામ સાહેદોનું પુરાવો જોતા આંગળી માત્ર ને  માત્ર આરોપી ઉપર જ ચીંધાયેલી છે, બચાવપક્ષે મહત્વના સાહેદોની ઉલટ તપાસ હાથ ધરેલ હતી તેમાંથી ખંડિત થઇ શકે કે શંકાઓ ઉભી કરી શકાય તેવી હકીકતો રેકોર્ડ પર લાવવામાં બચાવપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ છે. જ્યાં સુધી બનેલા ખૂનના બનાવમાં આરોપી ઉપર શંકા કરવાનો સવાલ ઉભો થાય છે ત્યાં સુધી આ બનાવ અગાઉથી આરોપી અને તેમના પત્ની હિંમતીબેન વચ્ચે અગાઉ ઝગડા થતા હતા, વારંવાર ઝગડા થતા હતા અને છેલ્લે પીયરમાં હિંમતીબેન આવેલા ત્યારે પણ હિંમતીબેનને ઇંટ છૂટી મારવાનો બનાવ બનેલ હતો ત્યારે છેવટે આરોપીના પત્નીને પીયરમાં મજબૂરીથી રહેવું પડતું હતું તેવી સ્પષ્ટ હકીકત રેકોર્ડ પર આવે છે. એવી પણ સ્પષ્ટ હકીકત રેકોર્ડ પર આવી હતી કે, પચ્ચીસ વર્ષ ઉપરથી આરોપી અને હિંમતીબેન વચ્ચે લગ્ન થયેલા અને ચાર સંતાનો થયેલા જેમના લગ્ન પણ થઇ ગયેલ હતા તેમ છતાં હિંમતીબેનને લૂંણી ગામે રીસામણમાં રહેવું પડેલ હતું તે કારણ મોજૂદ હતું અને સાહેદોના પુરાવામાંથી પણ મોજૂદ રહેલ હતું. હાલના કામે જ્યારે એકધારો અને એકબીજાના સમર્થનમાં જોઇ શકાય તેવો એક જ સૂત્રતા વાળો પુરાવો આવતો હોય તો વિરુધ્ધનું અનુમાન કરવાનું સવાલ ઉપસ્થિત થતો નથી કે ફરિયાદ પક્ષના પુરાવા ઉપર શંકા ઉપસ્થિત થતી નથી. એકમાત્ર આરોપીની જ મરનાર સાથે બનાવ અગાઉથી અને બનાવના આગલા દિવસે પણ તકરાર થયેલ હતી તેના બીજા જ દિવસે મરનારની માથાના ભાગે ઇજા પામેલી હાલતમાં ઘરમાંથી લાશ મળી આવે છે. તેવો જે એકધારો નિઃશંકપણેનો પુરાવો રજૂ થાય છે તેમાં આરોપી સિવાય બીજા કોઇ ઉપર કોઇપણ જાતની શંકાઓ ઉભી કરી શકાય તેવા બચાવની કોઇ હકીકત આરોપીપક્ષ પુરાવા દરમ્યાન રેકોર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલા છે. ત્યારે સાહેદોએ તેમના પુરાવામાં બનાવ બનવા પાછળનું કારણ કે મોટિવ બાબતે જે પુરાવો રજૂ કરે છે તેમાં કોઇ શંકા કરી શકાય કે તેવા પુરાવાની અવગણના કરીને નજરઅંદાજ કરી શકાય તેવી બીજી વિરુધ્ધની કોઇ હકીકતો રેકોર્ડ પર આવતી નથી ત્યારે સાહેદો ભલે ચોથા દિવસે આરોપી ઉપર શંકાઓ સેવેલ હતી તે શંકાઓ ખોટી સેવેલ હોય તેવુ કહી શકાય નહી. આરોપીએ જ ખૂન કરેલ હતું તેવી શંકા સાહેદોના પુરાવામાંથી પુરવાર થાય છે. તેવું આ અદાલતનું

સ્પષ્ટ માનવું છે. અહીં, મોટિવ બાબતે સાહેદોને શીખવાડવામાં આવ્યા હોય તે રીતે કોઇ સ્ટીરીયો ટાઇપ જુબાની રજૂ થતી નથી અને નેચરલ પુરાવો મોટિવના મુદ્દા બાબતે રજૂ થાય છે ત્યારે તેને નકારી શકાય નહી.

**(૩૨)** ફરિયાદપક્ષ તરફેથી એવી દલીલ કરવામાં આવી હતી કે, બનાવની રાત્રિના સમયે આરોપીને હાથમાં કુહાડી સાથે જતાં દર્શાવતું આંક-૪૬નું સી.સી.ટી.વી. ફૂટેજ તપાસ દરમિયાન નેત્રમ કમાન્ડ પાસેથી પ્રાપ્ત થયેલ ઇલેક્ટ્રોનિક પુરાવા દ્વારા રેકોર્ડ પર લાવવામાં આવેલ છે. આ સંજોગોમાં આરોપી તરફેથી તે બાબતે કોઈ સંતોષકારક ખુલાસો આપવામાં આવેલ નથી. તેથી ફરિયાદપક્ષના મતે આરોપી અને ગુનાના સમય વચ્ચેનો સંબંધ સ્થાપિત થતો હોવાથી "લાસ્ટ સીન ટુગેધર"નો સિદ્ધાંત આ કેસમાં સંપૂર્ણપણે લાગુ પડે છે. બીજી તરફ આરોપી તરફેથી રજૂઆત કરવામાં આવી હતી કે, બનાવની રાત્રિ, તે પૂર્વેની સાંજ અથવા લાશ મળી આવેલ તે વહેલી સવારે આરોપીને લૂંણી ગામમાં અથવા મરનારના નિવાસસ્થાનની આસપાસ કોઈ સ્વતંત્ર સાક્ષીએ જોયેલ નથી. વધુમાં આંક-૪૬નું સી.સી.ટી.વી. ફૂટેજ કાયદેસર અને વિશ્વસનીય રીતે પુરવાર કરવામાં આવેલ નથી, તેથી તેના આધારે આરોપી વિરુદ્ધ કોઈ પ્રતિકૂળ અનુમાન દોરી શકાય તેમ નથી. હવે રેકોર્ડ પર ઉપલબ્ધ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં એ નિર્વિવાદપણે સ્પષ્ટ થાય છે કે, સી.સી.ટી.વી. ફૂટેજ સિવાય એવો કોઈ પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ નથી કે જેના આધારે આરોપીને બનાવની પૂર્વસંધ્યાએ, મધ્યરાત્રિ દરમિયાન અથવા બનાવની સવારે લૂંણી ગામમાં અથવા મરનારના ઘરની આસપાસ જોવામાં આવેલ હોવાનું સાબિત થતું હોય. તેમ છતાં ફરિયાદપક્ષે આંક-૪૬ હેઠળ નેત્રમ કમાન્ડ પાસેથી પ્રાપ્ત થયેલ ઇલેક્ટ્રોનિક પુરાવો રેકોર્ડ પર રજૂ કરીને એવો કેસ રજૂ કર્યો છે કે તેમાં આરોપી હાથમાં કુહાડી લઈને જતો દેખાય છે. નિઃસંદેહ, ઇલેક્ટ્રોનિક પુરાવાની શ્રેષ્ઠ પ્રશંસા માટે ફરિયાદપક્ષે સંબંધિત સી.ડી./ડી.વી.ડી.ને સાહેદોની જુબાની દરમિયાન અદાલતમાં પ્લે કરીને તેમાં દર્શાવાયેલ વ્યક્તિ હાલનો જ આરોપી હોવાનું સાહેદો પાસેથી ઓળખાવી પુરવાર કરવાની વધુ યોગ્ય તકેદારી રાખવી જોઈતી હતી. તે પ્રક્રિયાનો અભાવ ફરિયાદપક્ષની એક ખામી તરીકે અવશ્ય નોંધવા યોગ્ય છે. તેમ છતાં માત્ર આ કારણસર સમગ્ર ઇલેક્ટ્રોનિક પુરાવાને સંપૂર્ણપણે અવગણવો યોગ્ય ગણાય નહીં. વિશેષ નોંધનીય બાબત એ છે કે આંક-૪૬ના ઇલેક્ટ્રોનિક પુરાવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સહિતાની કલમ-૩૫૧ હેઠળ આરોપીનું નિવેદન નોંધવામાં આવ્યું ત્યારે આરોપીએ આ સંજોગને કોઈ સ્પષ્ટ પડકાર આપ્યો નથી કે સી.સી.ટી.વી.માં દર્શાવાયેલ વ્યક્તિ પોતે નથી અથવા તે પુરાવો અસત્ય છે. આરોપી તરફથી આ મહત્વપૂર્ણ સંજોગ

અંગે કોઈ સમજૂતી કે વૈકલ્પિક સ્પષ્ટીકરણ પણ રજૂ કરવામાં આવેલ નથી. પરિણામે આ ઇલેક્ટ્રોનિક પુરાવો આરોપી વિરુદ્ધ એક પ્રતિકૂળ સંજોગ તરીકે ધ્યાનમાં લેવા યોગ્ય બને છે. વધુમાં, "લાસ્ટ સીન ટુગેધર"ના મુદ્દા અંગે સાહેદોના પુરાવાની અગાઉ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી ચૂકી છે. તે ચર્ચા પરથી એ પુરવાર થાય છે કે બનાવના આગલા દિવસે આરોપી લૂંણી ગામે આવ્યો હતો, તેણે મરનાર સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી તથા તેને રાત્રે જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી. તે જ રાત્રિના ગાળામાં મરનારની નિર્દય હત્યા થયેલ છે. તેથી આરોપી અને મરનાર વચ્ચે ગુનાના તુરંત અગાઉ થયેલ આ તકરાર અને ધમકીનો પુરાવો ગુનાના સમય સાથે સીધો અને નજીકનો સંબંધ સ્થાપિત કરતો અત્યંત મહત્વપૂર્ણ સંજોગાત્મક પુરાવો છે. એવું પણ રેકોર્ડ પરથી ક્યાંય બહાર આવતું નથી કે મરનારને આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિ સાથે બનાવ અગાઉ કોઈ તકરાર, દુશ્મનાવટ કે જીવલેણ વિવાદ હતો. તેથી આરોપી અને મરનાર વચ્ચે ગુનાના તુરંત અગાઉ થયેલ વિવાદ, જાનથી મારી નાખવાની ધમકી તથા ત્યારબાદ ટૂંકા ગાળામાં મરનારનું થયેલ મૃત્યુ – આ તમામ સંજોગો એકબીજાને પૂરક બની આરોપી તરફ જ સ્પષ્ટપણે સંકેત કરે છે. આથી, ભલે સી.સી.ટી.વી. પુરાવાને અન્ય સ્વતંત્ર પ્રત્યક્ષ સાક્ષીનું સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત ન થતું હોય, તથાપિ સમગ્ર સંજોગાત્મક પુરાવાની સાંકળમાં આ પુરાવો અન્ય સ્થાપિત સંજોગો સાથે વાંચતાં "લાસ્ટ સીન ટુગેધર"નો સિદ્ધાંત આ કેસમાં ફરિયાદપક્ષ સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં સફળ થયું હોવાનું આ અદાલત માને છે.

**(૩૩)** આ કેસમાં આંક-૨૪ ના ડિસ્કવરી પંચનામા મુજબ સરકારી પંચ સાહેદ નંબર-૭ ની હાજરીમાં આરોપીના કબજામાંથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ કુહાડી કબજે લેવામાં આવેલ હોવાનું વિશ્વસનીય પુરાવાથી સાબિત થાય છે. અગાઉ તબીબી પુરાવાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે, જેમાં સ્પષ્ટપણે નોંધાયું છે કે મરનારના શરીરે થયેલ ઇજાઓ કુહાડી જેવા ધારદાર અને વજનદાર હથિયારથી પહોંચાડી શકાય તેવી હતી. બચાવપક્ષ દ્વારા એવો કોઈ વિશ્વસનીય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે જેથી એવું અનુમાન કરી શકાય કે મરનારને થયેલ ઇજાઓ આ ડિસ્કવરી પંચનામા હેઠળ કબજે લેવાયેલ કુહાડીથી થઈ શકી ન હોત અથવા અન્ય કોઈ હથિયારથી થઈ હતી. પરિણામે, ડિસ્કવરી પંચનામા દ્વારા કબજે કરાયેલ હથિયાર અને મરનારને થયેલ ઇજાઓ વચ્ચેનો સંબંધ પ્રોસિક્યુશન દ્વારા સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યો હોવાનું આ અદાલત માને છે.

**(૩૪)** બચાવપક્ષે એવી દલીલ રજૂ કરી છે કે ગામના સરપંચ દ્વારા બનાવની જાણ

પોલીસને કરવામાં આવતા પોલીસ તાત્કાલિક બનાવના સ્થળે પહોંચી ગઈ હતી, તેમ છતાં તે સમયે આરોપીના નામજોગ ફરિયાદ નોંધાવવામાં આવી નહોતી અથવા આરોપીનું નામ જાહેર કરવામાં આવ્યું નહોતું. આ દલીલનું સમગ્ર રેકોર્ડ પરના પુરાવાના પ્રકાશમાં મૂલ્યાંકન કરતાં જણાય છે કે આ કેસના તમામ મહત્વના સાહેદોએ સ્વાભાવિક, સુસંગત તથા પરસ્પર અનુરૂપ પુરાવો આપ્યો છે અને તેમની જુબાનીઓમાં કોઇ કૃત્રિમતા, બનાવટીપણું કે ઉપજાવી કાઢેલી હકીકતોનો અણસાર મળતો નથી. માત્ર એ હકીકત કે પ્રાથમિક તબક્કે ફરિયાદમાં આરોપીનું નામ સ્પષ્ટ રીતે નોંધાવવામાં આવ્યું ન હતું અથવા શંકાના આધારે તેનું નામ દર્શાવવામાં આવ્યું ન હતું, તે એકમાત્ર આધાર પર સમગ્ર પ્રોસિક્યુશન કેસને અવિશ્વસનીય ઠરાવી શકાય નહીં. ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્થાપિત સિદ્ધાંત એવો છે કે ફરિયાદમાં થયેલી દરેક ચૂક કે વિલંબ ત્યારે જ મહત્વનો બને જ્યારે તેનાથી પ્રોસિક્યુશન કેસના મૂળ આધાર પર પ્રતિકૂળ અસર થતી હોય. વર્તમાન કેસમાં રેકોર્ડ પર ઉપલબ્ધ સાંયોગિક પુરાવાઓની અખંડ અને પૂર્ણ શૃંખલા નિઃસંદેહ રીતે એ દિશામાં નિર્દેશ કરે છે કે મરનારનું માથામાં જીવલેણ ઘા મારીને અકુદરતી મૃત્યુ નિપજાવવામાં આવ્યું હતું અને તે કૃત્ય આરોપીએ જ કર્યું હતું. આ શૃંખલાને તોડે અથવા આરોપીની નિર્દોષતા સાથે સુસંગત હોય તેવી કોઇ વૈકલ્પિક સંભાવના બચાવપક્ષ રેકોર્ડ પર લાવી શક્યો નથી. તેથી માત્ર ફરિયાદમાં પ્રારંભિક તબક્કે આરોપીનું નામ ન હોવાના આધાર પર પ્રોસિક્યુશનના સમગ્ર પુરાવાને અવિશ્વસનીય ઠરાવવો કાયદેસર રીતે શક્ય નથી. પરિણામે, બચાવપક્ષની ઉપરોક્ત દલીલમાં કોઈ વજન જણાતું નથી અને તે અસ્વીકારવાને પાત્ર છે.

**(૩૫)** હવે ફરિયાદપક્ષે સાંયોગિક પુરાવા તરીકે આંક-૫૨ પરના એફ.એસ.એલ. અહેવાલ ઉપર આધાર મૂક્યો છે. તે અહેવાલના વૈજ્ઞાનિક પૃથકરણ ઉપરથીથી ફલિત થાય છે કે આંક-૨૪ વાળા ડિસ્કવરી પંચનામા મુજબ આરોપીના રહેણાંક મકાનમાંથી આરોપીએ પોતાની જાણકારીના આધારે સંતાડી રાખેલ રૂમાલ મુદ્દામાલ આર્ટિકલ-‘જે’ કબજે લેવામાં આવેલ હતો. ઉક્ત રૂમાલના વૈજ્ઞાનિક પરીક્ષણ દરમિયાન તેના ઉપરથી મરનારના બ્લડગ્રુપ "ઓ" ની હાજરી મળી આવેલ છે. બીજી તરફ, આરોપીના કબજામાંથી જપ્ત કરાયેલ અન્ય કપડાં મુદ્દામાલ આર્ટિકલ-‘એચ’, ‘આઇ’ તથા ‘કે’ ઉપર પંચનામા વખતે લોહી જેવા ડાઘા જોવા મળ્યા હોવા છતાં, એફ.એસ.એલ. પરીક્ષણમાં તેના ઉપરથી મરનારના બ્લડની હાજરી મળી આવેલ નથી. તેવી જ રીતે, હુમલામાં ઉપયોગમાં લેવાયાનું જણાવવામાં આવેલ મુદ્દામાલ કુહાડી આર્ટિકલ-‘એલ’ ઉપર પણ લોહી જેવા ડાઘા જણાતા હોવા છતાં, વૈજ્ઞાનિક પરીક્ષણમાં તેના ઉપરથી મરનારના

બ્લડગ્રુપ "ઓ" અથવા અન્ય કોઈ ગુનાહિત અવશેષો પ્રાપ્ત થયેલ નથી. જોકે, ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર તેના રહેણાંક મકાનમાંથી શોધી કાઢવામાં આવેલ રૂમાલ મુદ્દામાલ આર્ટિકલ-'જે' ઉપરથી મરનારના બ્લડગ્રુપ "ઓ" ની હાજરી મળવી એ અત્યંત મહત્વપૂર્ણ સાંયોગિક પરિસ્થિતિ છે. આરોપી દ્વારા આ રૂમાલ ઉપર મરનારનું લોહી કેવી રીતે અને કયા સંજોગોમાં આવ્યું તે અંગે કોઈ સંતોષકારક કે સંભવિત સ્પષ્ટીકરણ આપવામાં આવેલ નથી. આરોપીના વિશિષ્ટ જ્ઞાનની હકીકત હોવા છતાં તે અંગે કોઈ ખુલાસો ન કરવો એ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૯ના સિદ્ધાંતના પ્રકાશમાં તેની વિરુદ્ધ એક સંબંધિત પરિસ્થિતિ તરીકે ગણવામાં આવે છે. તેથી, આંક-૫૨ વાળો એફ.એસ.એલ. અહેવાલ ફરિયાદપક્ષના કેસને મજબૂત ટેકો આપતો તથા આરોપીને ગુના સાથે સાંયોગિક રીતે સાંકળતો એક મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક પુરાવો હોવાનું આ કોર્ટ માને છે.

**(૩૬)** પોલીસ તપાસ દરમિયાન ઘટનાની હકીકત શોધવા માટે ડોગ સ્કવોડની પણ મદદ લેવામાં આવેલ હતી. આંક-૩૫ પરના ડોગ સ્કવોડના અહેવાલ પરથી એ હકીકત ફલિત થાય છે કે ડોગ સ્કવોડ આરોપી સુધી પહોંચવામાં અથવા આરોપી દ્વારા ગુનો કરવામાં આવેલ હોવાનો કોઈ સ્પષ્ટ પગેરો શોધી શકેલ નથી. વધુમાં, ફરિયાદપક્ષે આરોપીના મોબાઇલ ફોનના કોલ ડિટેઇલ રેકોર્ડ્સ આંક-૪૩ તથા ૪૪ ઉપર રજૂ રાખેલ છે, પરંતુ તે રેકોર્ડ્સમાંથી પણ આરોપીને સીધેસીધો ગુનાની ઘટના સાથે સાંકળતી કોઈ નિર્ણાયક હકીકત બહાર આવતી નથી. પરંતુ માત્ર એટલા કારણસર કે ડોગ સ્કવોડ અથવા કોલ ડિટેઇલ રેકોર્ડ્સમાંથી ફરિયાદપક્ષને અનુકૂળ કોઈ નિશ્ચિત પુરાવો પ્રાપ્ત થયો નથી, તે આધારે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ અન્ય વિશ્વસનીય મૌખિક, દસ્તાવેજી તથા વૈજ્ઞાનિક પુરાવાઓને નકારી શકાય નહીં. ડોગ સ્કવોડનો અહેવાલ અને કોલ ડિટેઇલ્સ માત્ર સહાયક સ્વરૂપના પુરાવા છે; તેઓ સ્વતંત્ર રીતે કેસનો આધારસ્તંભ બની શકતા નથી. તેથી આવા પુરાવાઓમાં આરોપી વિરુદ્ધ કોઈ સ્પષ્ટ હકીકત ન મળવી એ ફરિયાદપક્ષના અન્ય વિશ્વસનીય અને દોષારોપક પુરાવાઓના મૂલ્યને કોઈ રીતે ક્ષીણ કરતી નથી.

**(૩૭)** આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં મુદ્દા નંબર-૧ ની હકીકતો પુરવાર થાય છે, જેથી તેનો જવાબ "હકાર" માં આપવામાં આવેલો છે. મુદ્દા નંબર-૧ નો મેડિકલ એવિડન્સ જોતાં, મરનારના શરીરના નાજુક અંગ માથાના ભાગે કપાયેલો છોલાયેલો ઘા હતો. જેની સાઇઝ ૪.૭ x ૧ x હાડકાની ઊંડાઇ સુધીની હતી. જે માથાના ડાબી બાજુના ભાગેથી લઇને ડાબી આંખના ડોળા ઉપર સુધીની હતી. જ્યારે આંતરિક ઇજાઓ જોતાં

ઇજા માથાના આગળના ભાગે તેમજ ડાબી સાઇડે ફ્રેક્ચર જોવા મળેલ હતું. સ્કલને બહાર કાઢતા હીમેટોમા જોવા મળેલ. મરનારની ઈજાઓ જે મરનારના મૃત્યુ પહેલાંની ઈજા હતી, અને આ ઈજાઓના કારણે જ મરનારનું મૃત્યુ નીપજેલું છે, તેવું પી.એમ. કરનાર મેડિકલ પુરાવાથી પુરવાર થાય છે. ફરિયાદી સહિતના સાહેદોના પુરાવામાંથી પણ આરોપીએ જ મરનારનું ખૂન કરેલ હોવાનું નિઃશંકપણે અને સ્પષ્ટ રીતે પુરવાર થયેલું છે. પી.એમ. કરનાર મેડિકલ એક્સપર્ટના પુરાવાથી પુરવાર થાય છે. શરીરના કયા ભાગે મારેલું તેવી સમગ્ર ઘટના બાબતે હિયર્સે સાહેદો પણ મરનારની બોડીનું પી.એમ. કરતાં પહેલાં જોઇને નિરીક્ષણ કરેલું તે બાબતે સાહેદોએ સંતોષકારક પુરાવો જણાવેલો છે. સાહેદોના પુરાવામાંથી આરોપીએ તેમના પત્નીને બનાવ અગાઉથી મારઝૂડ કરેલી જેથી લૂણી ગામે આરોપીને છોડીને રહેવા આવી ગયેલ તે બાબતે ઝગડા તકરારો પક્ષકારો વચ્ચે ચાલતી હતી દરમ્યાન આરોપીના પત્નીને આરોપી સાથે મરનારે મોકલવાની ના પાડેલ હતી જેના કારણે જ મરનારનું ખૂન કરેલ હતું તેનો ઈનકાર થઈ શકે તેવી કોઈ હકીકત બચાવપક્ષ ઉજાગર કરી શકેલી નથી. આમ, અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે રેકોર્ડ ઉપર આવેલો પુરાવો જોતાં બનાવ બનવા પાછળનો આરોપીનો મોટિવ અને બનાવ પુરવાર થયેલ છે. સાહેદોના પુરાવાની સ્વતંત્ર રીતે કરેલી ચર્ચા ધ્યાને લેતાં સાહેદો ખોટું બોલે છે તેવું માની શકાય નહીં કે તેઓના પુરાવા ઉપર શંકા સેવી શકાય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. હાલનો કિસ્સો બી.એન.એસ.ની કલમ-૧૦૧ ના કોઈ અપવાદમાં પડતો નથી. આમ, મરનારના નાજુક અંગ માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ જોતાં તે કુહાડી વડે ઘા કરવાથી થયેલ છે, તેવું પી.એમ. કરનાર મેડિકલ ઓફિસરના પુરાવા તથા પી.એમ.રીપોર્ટથી પુરવાર થયેલું છે. ઈજાઓનું પ્રમાણ જોઇએ તો, નાજુક અંગ ઉપર બેશરમીથી અને બે-રહેમીથી કુહાડીના ઘા ઝીંકીને ઈજાઓ કરવામાં આવી છે. મરનારને સારવાર લેવાનો પણ કોઈ ચાન્સ મળેલો નથી. તે જોતાં આરોપીએ કરેલી આ ઈજાઓ જોતાં મરનારનું મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી તેમજ આરોપીના એવા કૃત્યથી મરનારનું મૃત્યુ નિપજવાનો સંભવ છે તેવી જાણકારી સાથે કરેલ હોવાનું પણ પુરવાર થાય છે. તે જોતાં આરોપીએ બે-રહેમીથી મરનારને કુહાડીના ઘા અતિ નાજુક એવા અંગ માથાના ભાગે મારેલ છે. જે જોઇએ તો પણ મારી નાખવાના ઈરાદે જ મારેલા હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

**(૩૮)** આમ, રેકોર્ડ ઉપર રજૂ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી તમામ પુરાવાઓના મૂલ્યાંકન અંતે હાલના આરોપીએ જ મરનાર સમતીબેનની દીકરી હિંમતીબેન જે

આરોપીના પત્ની થતા હોય, આરોપી અને હિંમતીબેન વચ્ચે આ બનાવ અગાઉ ઝગડો થતાં તેના કારણે મરનાર સાસુ થતા હોય તેણી તેની દીકરી હિંમતીબેનને આરોપીના ઘરે મોકલતા ન હોય અને આરોપીની મરજી વિરુદ્ધ જઇને આરોપીની પત્ની હિંમતીબેનને તેના ભાઇઓ સાથે બનાવના અરસામાં મજૂરીએ મોકલી દીધેલ હતા. આરોપીએ પોતાની પત્નીને તેડવાના પ્રયત્નો કરેલા તેમ છતાં આરોપી સાથે મોકલવાની ના પાડેલી. જેના કારણે આરોપી પતિ થતા હોય પોતાની પત્નીથી જુદા રહેવાની મરનારે આરોપીને બળજબરીથી બનાવની રાત્રીના આગલા દિવસે ફરજ પાડેલ હતી, તે વખતે પણ આરોપી અને મરનાર એટલે કે, સાસુ-જમાઇ વચ્ચે બોલાચાલી થયેલી હતી. તેની અદાવત રાખીને મોજે-લૂંણી ગામે તા.૧૬/૧૦/૨૦૨૪ ના રાત્રીના કલાક-૨૦.૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૪ની રાત્રીએ કોઇ પણ સમયે મરનારના ઘરે જઇ મરનાર જે અડાળીમાં સુતા હતા ત્યાં સાથે કુહાડી લઇ જઇને મરનારના માથામાં ડાબી બાજુના કાનના ઉપરના ભાગે ઘા મારી પોતાની સાસુનું ખૂન કરી નાખેલ છે. આ ગુનો બનતી વખતે માત્ર આરોપી અને મરનાર બે જ હાજર હતા. આરોપી સિવાય બીજા કોઇએ મરનારને મારેલું હોય કે મરનારને બીજી અન્ય કોઇ રીતે ઇજા થઇ હોય તેવી શંકાસ્પદ કોઇ હકીકતો કે પુરાવો રેકોર્ડ પર આવતો નથી. એક માત્ર આરોપીએ મરનારનું બે-રહેમીથી કુહાડીના ઘા અતિ નાજુક એવા અંગ માથાના ભાગે મારેલ છે. તે બાબતે ફરિયાદપક્ષના કેસ મુજબ ફળદાયી રીતે સાંયોગિક પુરાવાઓની કડીઓ સહિતનો કડીબદ્ધ વિશ્વસનીય રીતે પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે. ફરિયાદપક્ષના પુરાવાઓમાં કોઇ શંકાઓ ઉભી થતી નથી. આમ, આરોપીએ મરનારનું ખૂન કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ હોય, હું મુદ્દા નંબર-૨ નો જવાબ "હકાર" માં આપું છું.

**મુદ્દા નંબર-૩**

**(૩૯)** ઉપરોક્ત સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં મુદ્દા નંબર-૩ ને સ્પર્શે છે ત્યાં સુધી આરોપીએ ગુનો કર્યા બાદ ગુનો છુપાવવા માટે તેમને જે લાકડાના હાથાવાળી કુહાડીનો ઉપયોગ કરેલ હતો તે લાકડાના હાથાને તેમના ઘર આગળ સળગાવી દઇને પુરાવાનો નાશ કર્યો હોય તેવી હકીકતોને પુરવાર કરવા માટેનો કોઇપણ જાતનો પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી, તે બાબતે માત્ર આરોપીની પોલીસ સમક્ષની મૌખિક કબૂલાતમાં જ રહી જાય છે તેની પણ સાંયોગિક પુરાવાની કોઇ કડીઓ જોડાતી નથી કે તે બાબતે આરોપીની વિરુદ્ધમાં બીજો કોઇ પુરાવો ઉજાગર થયેલો નથી. આમ, ફરિયાદપક્ષ પોતાનો કડીબદ્ધ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ જાય છે. તે સંજોગોમાં મુદ્દા નંબર-૩ નો જવાબ "નકાર" માં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર-૪ :-**

**(૪૦)** હવે, આ ગુનો કરતી વખતે, બનાવ, સમયે અને સ્થળે નામ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં, ગુનો કરવા માટે આરોપીએ કુહાડીને હથિયાર તરીકે ધારણ કરી ગુનાને અંજામ આપી, બનાવ સમયે અમલમાં રહેલ હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ કર્યો છે. પરંતુ, હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતું તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ થતો નથી. જેથી મુદ્દા નંબર-૪ ના આક્ષેપો પુરવાર થઇ શકે તેમ નથી. તે સંજોગોમાં મુદ્દા નંબર-૩ નો જવાબ "નકાર" માં ઠરાવવામાં આવે છે.

**(૪૧)** આમ, ફરિયાદપક્ષે મૂકવામાં આવેલા આંક-૮ તહોમતના સંદર્ભે મુદ્દા નંબર-૧ અને ૨ માં કરવામાં આવેલા આક્ષેપો કે જેમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો આરોપીએ ગુનો આચરેલ હોવાના આક્ષેપો શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ હોય, મુદ્દા નંબર-૧ અને ૨ નો જવાબ "હકાર" માં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબર-૩ અને ૪ ના આક્ષેપો પુરવાર થતા ન હોય, આરોપીને તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૩૮(ક) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનામાંથી છોડી મુકવાના થાય છે. પરંતુ આરોપીએ તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો ગુનો એટલે કે, આરોપીએ જ મરનાર સમતીબેનનું ખૂન કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ હોય, તે ગુના માટે આરોપીને ફરમાવવાની થતી સજા બાબતે સાંભળવાના થતા હોય, મુદ્દા નંબર-૫ સબંધી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આરોપી વિરસીંગભાઇ જંગલીયાભાઇ ધાણક, રહેઃરૂનવાડ, પટેલ ફળીયા, તાલુકો/જીલ્લો- છોટાઉદેપુર વાળાને તેમની સામેના પુરવાર થયેલા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના માટે બી.એન.એસ. એસ. ની કલમ-૨૫૮ મુજબ દોષિત ઠરાવવામાં આવે છે.

(૨) આરોપી વિરસીંગભાઇ જંગલીયાભાઇ ધાણક, રહેઃરૂનવાડ, પટેલ ફળીયા, તાલુકો/જીલ્લો- છોટાઉદેપુર વાળાને તેમની સામેના જી.પી.એકટની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૩૮(ક) મુજબના ગુના માંથી પુરાવાના અભાવે છોડી મુકવામાં આવે છે.

સજા સંબંધે પક્ષકારોને સાંભળવા ઉપર કામ મુલત્વી રાખેલ છે.
આજ રોજ તારીખ-૨૯ મી માહેઃ જુલાઇ સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(સુનીલ એમ. ટાંક)**

તારીખઃ૨૯.૦૭.૨૦૨૬ મુખ્ય સેશન્સ જજ, છોટાઉદેપુર.

સ્થળઃ છોટાઉદેપુર જીજે-૦૦૫૮૬

**સજા સબબ સાંભળ્યાઃ**

**(૪૨)** સજાના મુદ્દે આરોપી તરફે વિદ્વાન બચાવ પક્ષના વકીલ શ્રી એસ. એમ. પઠાણની રજૂઆત સાંભળવામાં આવી. તેમની રજૂઆતનો સાર એ છે કે આરોપી ગરીબ આર્થિક પરિસ્થિતિ ધરાવતો વ્યક્તિ છે તથા પોતાના પરિવારનો એકમાત્ર કમાઉ સભ્ય છે. આરોપીના ભરણપોષણ પર તેના પરિવારની સંપૂર્ણ નિર્ભરતા રહેલી છે. આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઇતિહાસ નથી અને આ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાવવામાં આવ્યું છે. જો આરોપીને લાંબા સમય સુધી કારાવાસની સજા કરવામાં આવે તો તેના આશ્રિત પરિવારને અસહ્ય આર્થિક અને સામાજિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. તેથી આરોપીની વ્યક્તિગત પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શક્ય તેટલી હળવી સજા કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે.

**(૪૩)** સરકાર પક્ષ તરફે વિદ્વાન શ્રીએ દલીલ કરી છે કે રેકોર્ડ ઉપર ઉપલબ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓના આધારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) હેઠળનો ગુનો શંકાની પરે સાબિત થયેલ છે. રજૂઆત મુજબ આરોપી પોતાની પત્ની સાથે સતત ઝઘડા-તકરાર કરી તેને શારીરિક તથા માનસિક ત્રાસ આપતો હતો, જેના પરિણામે પત્નીને પિયરમાં આશરો લેવા જવું પડ્યું હતું. ત્યારબાદ આરોપી ત્યાં પણ જઈ ઝઘડો કર્યો હતો. અંતે, કોઈ વાજબી ઉશ્કેરણી કે કારણ વિના, પોતાની સાસુના માથાના ભાગે કુહાડી જેવા ઘાતક હથિયારથી જીવલેણ પ્રહાર કરી ઘટના સ્થળે જ તેનું મૃત્યુ નિપજાવ્યું હતું. આરોપીનું કૃત્ય પૂર્વનિશ્ચિત, નિર્દયી અને અત્યંત ગંભીર સ્વરૂપનું હોવાથી તેને કાયદા મુજબ મહત્તમ સજા ફટકારવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

**(૪૪)** બંને પક્ષના વિદ્વાન વકીલશ્રીઓની રજૂઆતો તથા રેકોર્ડ પર ઉપલબ્ધ સમગ્ર પુરાવા અને સંજોગોનું આ અદાલતે ગંભીરતાપૂર્વક અવલોકન કર્યું છે. આ અદાલત અગાઉના નિષ્કર્ષ મુજબ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) હેઠળનો ગુનો શંકાની પરે સાબિત થયેલ હોવાનું ઠરાવે છે.બચાવ પક્ષ દ્વારા આરોપી ચાર સંતાનોનો પિતા છે, પોતાના પરિવારનો એકમાત્ર કમાઉ સભ્ય છે તથા તેનો કોઈ પૂર્વ ગુનાહિત ઇતિહાસ નથી તેવા સંજોગોને પરિબળ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. નિઃસંદેહ, સજાનું નિર્ધારણ કરતી વખતે આવા પરિબળો ધ્યાનમાં લેવા યોગ્ય હોય છે. તેમ છતાં, સજાના પ્રશ્નનો નિર્ણય કરતી વખતે ગુનાની પ્રકૃતિ, તેની ગંભીરતા, ગુનો આચરવાની રીત, આરોપીનું વર્તન તથા સમાજ પર તેની અસર જેવા પરિબળોને પણ સમાન મહત્વ આપવું જરૂરી બને છે. રેકોર્ડ પર ઉપલબ્ધ પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે કે આરોપીનું લગ્નજીવન આશરે પચ્ચીસ વર્ષનું હોવા છતાં તે પોતાની પત્ની સાથે સતત ઝઘડા-તકરાર કરતો હતો, જેના કારણે પત્નીને પોતાના પિયરમાં આશરો લેવાની ફરજ પડી હતી. ત્યારબાદ જ્યારે મૃતક, જે આરોપીની સાસુ અને પત્નીની માતા હતા, તેમણે પોતાની પુત્રીને આરોપી સાથે પરત મોકલવાનો ઇનકાર કર્યો ત્યારે આરોપીએ મૃતક સાથે ઉગ્ર બોલાચાલી કરી તથા તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ આરોપી પૂર્વ તૈયારી સાથે કુહાડી જેવા ઘાતક હથિયારથી સજ્જ થઈ મૃતકના નિવાસસ્થાને પહોંચ્યો હતો અને મૃતક એકલી તથા નિરાધાર અવસ્થામાં પોતાના ઘરમાં સૂતી હોવાનો લાભ લઈ તેના માથાના ભાગે કુહાડીના ઘાતક પ્રહારો કરી તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજાવ્યું હતું. સમગ્ર ઘટનાક્રમ પરથી આરોપીનું કૃત્ય ક્રૂર, નિર્દયી, પૂર્વવિચારિત અને સમાજના સામૂહિક અંતરાત્માને આઘાત પહોંચાડનાર હોવાનું સ્પષ્ટ થાય છે. ઉપલબ્ધ હકીકતો અને પુરાવાઓના સર્વાંગી અવલોકન બાદ આ અદાલતના મતાનુસાર હાલનો કેસ એવો અસાધારણ અને વિરલ પ્રકારનો નથી કે જેમાં મૃત્યુદંડ સિવાય અન્ય કોઈ વિકલ્પ ઉપલબ્ધ ન રહે. પરિણામે, આ કેસને "Rarest of Rare" શ્રેણીમાં મૂકી મૃત્યુદંડ ફટકારવાની આવશ્યકતા જણાતી નથી. આથી, ગુનાની ગંભીરતા, આરોપીના કૃત્યની પ્રકૃતિ તથા રેકોર્ડ પર ઉપલબ્ધ સમગ્ર હકીકતો અને સંજોગોને ધ્યાનમાં રાખીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) હેઠળ કાયદામાં નિર્ધારિત યોગ્ય સજા ફટકારવી ન્યાયોચિત અને વાજબી હોવાનું આ અદાલત માને છે. સબબ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- આખરી હુકમ -::**

**(૧)** આરોપી **આરોપી વિરસીંગભાઇ જંગલીયાભાઇ ધાણક**ને તેમની સામેના ભારતીય

ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૦૩(૧) હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી, તેમને **આજીવન સખત કેદ**ની સજા તથા દંડ પેટે રૂા. ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર પૂરાં) ભરવાની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જશે, તો તેને વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવી પડશે.

**(૨)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૪૬૮ અન્વયે, આરોપીએ તપાસ, પૂછપરછ અથવા ટ્રાયલ દરમિયાન કાચા કામે ભોગવેલ કેદનો સમય સજામાં મજરે આપવામાં આવશે.

**(૩)** અપીલનો સમય પૂર્ણ થયા બાદ આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ, જેમ કે કુહાડી, સેમ્પલ્સ, કપડાં વગેરેનો કાયદા મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આ ચુકાદાની ખરી નકલ બી.એન.એસ.એસ.ની કલમ-૪૦૬ મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરને મોકલી આપવામાં આવે.

**(૫)** આ કામે લાગતા-વળગતા તમામ સંબંધિત અધિકારીઓએ આ ચુકાદાનું પાલન કરવું.

**(૬)** આ ચુકાદાની પ્રમાણિત નકલ આરોપીને તાત્કાલિક વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે.

આજ રોજ તારીખ :૨૯-મી માહે:જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

(**સુનીલ એમ. ટાંક**)

તારીખ:૨૯.૦૭.૨૦૨૬ મુખ્ય સેશન્સ જજ, છોટાઉદેપુર.

સ્થળ: છોટાઉદેપુર જીજે-૦૦૫૮૬